RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 414 Dt. 30-08-2026 Page : 08 Price : Rs 3

આમારી Whatsapp Channel માં જોડાવા માટે નીચે આપેલ QR Code Scan કરો

Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

### ગંડક નદીમાંથી ૧૦ મૃતદેહો અને કાટમાળ તણાઈ આવ્યા

# નેપાળનો જળપ્રલય યુપી સુધી

## ઉત્તર પ્રદેશના મહારાજગંજ અને કુશીનગર જિલ્લામાં હાઈ એલર્ટ

નવી દિલ્હી, તા.૨૯

નેપાળમાં તાજેતરમાં આવેલા વિનાશકારી પૂરે સરહદ પાર કરીને ભારતના ઉત્તર પ્રદેશ રાજ્યમાં પણ કરુણ પરિસ્થિતિનું નિર્માણ કર્યું છે. છેલ્લા બે દિવસ દરમિયાન યુપીના સરહદી જિલ્લાઓ મહારાજગંજ અને કુશીનગરમાંથી પસાર થતી ગંડક નદીના પ્રવાહમાંથી કુલ ૧૦ મૃતદેહો મળી આવ્યા છે. પ્રાથમિક તપાસ મુજબ, આ તમામ મૃતદેહો નેપાળના પૂર પ્રભાવિત વિસ્તારોમાંથી નદીના ધસમસતા પ્રવાહમાં તણાઈને ભારતમાં આવ્યા હોવાનું અનુમાન છે. આ મૃતદેહોની ઓળખ કરવા અને તેમના પરિવારજનોની ભાળ મેળવવા માટે ભારતીય વહીવટી તંત્ર દ્વારા નેપાળના સંબંધિત અધિકારીઓનો સંપર્ક સાધવામાં આવ્યો છે.



પ્રાપ્ત વિગતો અનુસાર, ગુરુવારે મહારાજગંજ જિલ્લામાં ગંડક નદીના તોફાની પ્રવાહમાંથી ૨ મહિલાઓ સહિત ૩ મૃતદેહો તરતી હાલતમાં જોવા મળ્યા હતા. સશસ્ત્ર સીમા બળ (SSB) ની રેસ્ક્યુ ટીમે તુરંત મોટરબોટની મદદથી આ મૃતદેહોને બહાર કાઢ્યા હતા અને હોસ્પિટલના કોલ્ડ સ્ટોરેજમાં મોકલી આપ્યા હતા. આ ઘટનાના બીજા જ દિવસે એટલે કે શુક્રવારે, કુશીનગરના ખડ્ડા વિસ્તારમાં આવેલ બેરેજ પાસે વધુ ૩ મૃતદેહો તરતા જોવા મળ્યા હતા, જેને SDRF અને સ્થાનિક પોલીસે ભારે જહેમત ઉઠાવીને બહાર કાઢ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, આ નદી તિબેટમાંથી ઉદ્ભવે છે અને નેપાળની ભોટેકોશી તથા ત્રિશુલી નદી પ્રણાલીમાંથી પસાર થઈને ભારતમાં 'ગંડક' નદી તરીકે પ્રવેશે છે.

નેપાળમાં આવેલ આ પૂર માત્ર મૃતદેહો જ નહીં, પરંતુ મોટા પાયે કાટમાળ અને ઘરવખરી પણ ઘસડી લાવ્યું છે. ગંડક નદીના કિનારે ટુ-વ્હીલર વાહનો, ઘરવખરીનો સામાન, ગેસ સિલિન્ડર, ડ્રમ, ફર્નિચર અને લાકડાના મોટા ટુકડાઓ તણાઈને આવેલા જોવા મળ્યા છે. નદી કિનારે વસતા ગ્રામજનો આ તણાઈને આવેલો સામાન એકઠો કરવા માટે મોટી સંખ્યામાં ઉમટી પડ્યા છે. પરિસ્થિતિની ગંભીરતાને જોતાં સ્થાનિક તંત્રે લોકોને નદીના ધસમસતા પ્રવાહમાં ન ઊતરવા અને કિનારે કોઈ શંકાસ્પદ વસ્તુ કે મૃતદેહ દેખાય તો તરત જ સત્તાવાળાઓને જાણ કરવા માટે કડક સૂચના આપી છે.

નેપાળમાં ૨૬ ઓગસ્ટથી કુદરતનો કોપ નોંધનીય છે કે, નેપાળના રસુવા ક્ષેત્રમાં ભોટેકોશી નદીમાં ગત ૨૬ ઓગસ્ટના રોજ અચાનક આવેલ પૂરને કારણે આ ભયાનક હોનારત સર્જાઈ હતી. પહાડો પરથી ધસમસતું આ પાણી હવે ત્રિશુલી અને ગંડક નદી મારફતે ભારતના નીચાણવાળા વિસ્તારો તરફ વહી રહ્યું છે. નેપાળમાં આ જળપ્રલયના કારણે સેંકડો લોકોના મોત થયા હોવાના અહેવાલ છે અને હજારો લોકો હજુ પણ લાપતા છે. ભારતીય તંત્ર દ્વારા મહારાજગંજ અને કુશીનગરમાં સરહદી વિસ્તારો પર નજર રાખવા માટે SSB, SDRF અને સ્થાનિક પોલીસની ટીમો તૈનાત કરવામાં આવી છે. નદીનો પ્રવાહ હજુ પણ તોફાની અને ભયજનક હોવાથી તંત્રને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યું છે.

# ઉત્તરાખંડના ગ્લેશિયર સરોવરો ખતરાની ઘંટી સમાન

## નેપાળમાં આવેલા જળપ્રલય બાદ ઉત્તરાખંડના ૧,૨૯૦ ગ્લેશિયર સરોવરો પર મંડરાતો ખતરો

નવી દિલ્હી, તા. ૨૯

તાજેતરમાં નેપાળના હિમાલયી વિસ્તારમાં સર્જાયેલી ભયાનક જળહોનારત બાદ વૈજ્ઞાનિકોની નજર ઉત્તરાખંડ પર મંડરાઈ છે. અગાઉ કેદારનાથ અને રૈણી જેવી મોટી હોનારતોનો સામનો કરી ચૂકેલા ઉત્તરાખંડમાં પણ ગ્લેશિયર સરોવરો તારાજી સર્જી શકે તેવી પૂરી સંભાવના છે. ખતરાની ઓળખ થઈ ગઈ હોવા છતાં, હજુ સુધી બચાવની પૂરતી વ્યવસ્થાઓ ન થતાં ચિંતા વધી છે.



ગ્લોબલ વોર્મિંગને કારણે હિમાલયના ગ્લેશિયર્સ ઝડપથી પીગળી રહ્યા છે. ઉત્તરાખંડમાં હાલમાં કુલ ૧,૨૯૦ ગ્લેશિયર સરોવરો છે, જેમાંથી ૪૨૬ સરોવરોનું કદ ૧,૦૦૦ ચોરસ મીટર કરતાં મોટું છે. વર્ષ ૨૦૧૫ની સરખામણીએ સરોવરોના વ્યાપમાં ૮.૧% નો વધારો જોવા મળ્યો છે. અલકનંદા બેસિન (૬૩૫) અને ભાગીરથી બેસિન (૩૦૬) માં સૌથી વધુ સરોવરો આવેલા છે.

૧૩ અતિ-સંવેદનશીલ સરોવરોની ઓળખ નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (ગઉખઅ) એ ઉત્તરાખંડમાં ૧૩ સરોવરોને અતિ-સંવેદનશીલ જાહેર કર્યા છે, જેનું ૩ કેટેગરીમાં વર્ગીકરણ કરાયું છે. જેમાં કેટેગરી અ (સૌથી વધુ ખતરો): પિથોરાગઢ અને ચમોલીમાં ૫ સરોવરો, કેટેગરી ઇ (મધ્યમ ખતરો): ચમોલી, ટિહરી અને પિથોરાગઢમાં ૪ સરોવરો., કેટેગરી ઈ (ઓછો ખતરો): ઉત્તરકાશી, ચમોલી અને ટિહરીમાં ૪ સરોવરોનો સમાવેશ થાય છે.

આ સરોવરો પર નજર રાખવા અને અર્લી વોર્નિંગ સિસ્ટમ (વહેલી ચેતવણીની સિસ્ટમ) ગોઠવવા માટે ગઉખઅ દ્વારા રૂ. ૩૦ કરોડનો પ્રોજેક્ટ મંજૂર કરાયો છે, જેમાં કેન્દ્ર સરકારનો ૯૦% હિસ્સો છે. ૨૦૨૪ થી ૨૦૨૬ વચ્ચે ચમોલી અને પિથોરાગઢના ૪ મુખ્ય સરોવરોનો વૈજ્ઞાનિક અભ્યાસ પૂર્ણ થયો છે. પરંતુ, માઇનસ તાપમાન, મોબાઇલ નેટવર્કનો અભાવ અને પાવર સપ્લાયની મુશ્કેલીઓને કારણે અર્લી વોર્નિંગ સિસ્ટમ લગાવવાની પ્રક્રિયા હજુ સુધી શરૂ થઈ શકી નથી. વાડિયા ઈન્સ્ટિટ્યૂટના ડિરેક્ટર ડો. વિનીત કુમારના મતે આગામી મહિનાઓમાં સેટેલાઇટ કોમ્યુનિકેશનના માધ્યમથી કામગીરી આગળ વધવાની આશા છે.

### TMC છાત્ર પરિષદ સામે પણ પોલીસ ફરિયાદ : મમતા બેનરજી પર સમર્થકોને ઉશ્કેરવા, પોલીસ સાથે ઝપાઝપી કરવા અને ટ્રાફિક જામ સર્જવાનો ગંભીર આરોપ

# હાઈકોર્ટના આદેશના ઉલ્લંઘન મામલે મમતા બેનરજી સામે FIR

નવી દિલ્હી, તા. ૨૯

કલકત્તા હાઈકોર્ટના આદેશોનું કથિત રીતે ઉલ્લંઘન કરવા બદલ મમતા બેનરજી અને પશ્ચિમ બંગાળ તૃણમૂલ છાત્ર પરિષદ (WBTMCP) ના આયોજકો સામે ગુનો નોંધવામાં આવ્યો છે. કોલકાતાના કેથેડ્રલ રોડ પર આયોજિત કાર્યક્રમમાં નિયમોના ભંગ બદલ હેસ્ટિંગ્સ પોલીસે આ કડક કાર્યવાહી કરી છે.



હાઈકોર્ટના આદેશનો ભંગ અને FIR ની વિગતો પોલીસના જણાવ્યા અનુસાર, હેસ્ટિંગ્સ પોલીસ સ્ટેશનના સબ-ઈન્સ્પેક્ટર આપુ વૈદ્યની લેખિત ફરિયાદના આધારે ૨૮ ઓગસ્ટના રોજ ભારતીય ન્યાય સંહિતા (BNS) ની વિવિધ કલમો હેઠળ કેસ નંબર ૧૧૨ નોંધવામાં આવ્યો છે. ફરિયાદમાં મમતા બેનરજી અને આયોજકો પર ગુનાહિત કાવતરું ઘડીને હાઈકોર્ટ દ્વારા પસાર કરવામાં આવેલા આદેશનું સીધું ઉલ્લંઘન કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે.

સમર્થકોને ઉશ્કેરવા અને પોલીસ સાથે ઝપાઝપી હાઈકોર્ટની મંજૂરી મુજબ, આ કાર્યક્રમ માત્ર બપોરે ૧૨ વાગ્યાથી ૩ વાગ્યા સુધી જ યોજવાનો હતો. જોકે, પોલીસનો આરોપ છે કે આયોજકોએ નક્કી કરેલા સમય કરતાં વધુ સમય સુધી કાર્યક્રમ ચાલુ રાખ્યો હતો. આ ઉપરાંત, કાર્યક્રમ દરમિયાન મમતા બેનરજી અને આયોજકોએ પોતાના સમર્થકોને ઉશ્કેર્યા હોવાનો પણ આરોપ છે. ઉશ્કેરાયેલી ભીડે પોલીસે ગોઠવેલા બેરિકેડ્સ હટાવી દીધા હતા અને બંદોબસ્તમાં તૈનાત પોલીસકર્મીઓ સાથે ઝપાઝપી કરી હતી. આ હિંસક વર્તનને કારણે વિસ્તારમાં અફરાતફરીનો માહોલ અને ભારે ટ્રાફિક જામ સર્જાયો હતો. આ બાબતોને ધ્યાનમાં રાખીને સરકારી કર્મચારીના આદેશની અવગણના અને જાહેર સુરક્ષાને જોખમમાં મૂકવા સંબંધિત ઈગજ ની કલમો ઉમેરવામાં આવી છે.

### TMC : 'રાજકીય બદલાની ભાવના'

તૃણમૂલ કોંગ્રેસે આ કાર્યવાહીની સખત શબ્દોમાં ટીકા કરતાં તેને સ્પષ્ટપણે 'રાજકીય બદલાની ભાવના' ગણાવી છે. પક્ષે દાવો કર્યો છે કે સરકાર TMC થી ડરી ગઈ છે. આ મામલે ઝખઈ નેતા અભિષેક બેનરજીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર પોસ્ટ કરતાં જણાવ્યું હતું કે, 'પશ્ચિમ બંગાળમાં બંધારણીય શાસનનું સતત પતન થઈ રહ્યું છે. જો ન્યાયતંત્ર આવી બાબતોમાં હસ્તક્ષેપ નહીં કરે, તો લોકશાહીનું અસ્તિત્વ જ ખતરામાં પડી જશે.'

# એવરેસ્ટ-લાલજી ગોધૂની હિંગ ફેઈલ : FSSAI

## બંને જાણીતી બ્રાન્ડની પ્રોડક્ટ્સ ગુણવત્તા ટેસ્ટમાં ફેઈલ, વેચાણ પર હંગામી પ્રતિબંધ

નવી દિલ્હી, તા.૨૯

FSSAIએ જાણીતી બ્રાન્ડ્સ એવરેસ્ટ ફૂડ પ્રોડક્ટ્સ અને લાલજી ગોધૂ દ્વારા ઉત્પાદિત કમ્પાઉન્ડેડ હિંગના વેચાણ પર હંગામી ધોરણે પ્રતિબંધ મૂકી દીધો છે. લેબોરેટરી પરીક્ષણમાં આ પ્રોડક્ટ્સ નિર્ધારિત ગુણવત્તાના ધોરણો પર ખરી ન ઉતરતાં સબસ્ટાન્ડર્ડ (હલકી ગુણવત્તાવાળી) જાહેર કરવામાં આવી છે.

FSSAI એ બંને કંપનીઓને નિયમોના ઉલ્લંઘન બદલ કારણદર્શક નોટિસ ફટકારી છે. આ ઉપરાંત નિર્ધારિત ધોરણોનું પાલન કેવી રીતે કરશે તેનો એક્શન પ્લાન રજૂ કરવા આદેશ આપ્યો છે. આ ઉપરાંત બજારમાં પહેલેથી ઉપલબ્ધ સબસ્ટાન્ડર્ડ માલને સ્વેચ્છાએ પાછો ખેંચવા માટે પણ જણાવાયું છે. જ્યાં સુધી કંપનીઓ તમામ નિયમોનું પાલન નહીં કરે ત્યાં સુધી આ પ્રતિબંધ અમલમાં રહેશે.

એવરેસ્ટ કંપનીની હિંગ ઉપરાંત 'ગરમ મસાલા'માં પણ નિયમોનું પાલન ન થયું હોવાનું તપાસમાં સામે આવ્યું છે. જોકે તેના વેચાણ પર પ્રતિબંધ નથી મૂકાયો, પણ કંપની પાસે આ અંગે સ્પષ્ટતા માંગવામાં આવી છે.જોકે, આ ત્રણ મસાલા ઉત્પાદનોના વેચાણ પર હજુ સુધી પ્રતિબંધ મૂકવામાં આવ્યો નથી, પરંતુ કંપની પાસે આ મામલે સ્પષ્ટતા માંગવામાં આવી છે.




ગ્રાહકની ફરિયાદ બાદ FSSAI દ્વારા મુંબઈ અને ગુજરાતના ઉમરગામ સ્થિત મેન્યુફેક્ચરિંગ યુનિટ્સમાંથી લેવાયેલા સેમ્પલ્સ લેબોરેટરી ટેસ્ટિંગમાં નિષ્ફળ રહ્યા હતા.વર્તમાન નિયમો મુજબ કમ્પાઉન્ડેડ હિંગમાં આલ્કોહોલ-સોલ્યુબલ એક્સટ્રેક્ટનું પ્રમાણ લઘુત્તમ ૫% હોવું અનિવાર્ય છે. જોકે ટેસ્ટિંગ દરમિયાન સેમ્પલ્સમાં આ પ્રમાણ માત્ર ૦ થી ૩% જ મળી આવ્યું હતું. આ તારણ સ્પષ્ટ દર્શાવે છે કે ઉત્પાદકો નિર્ધારિત નિયમો કરતાં ૩૦ થી ૪૦% જેટલી ઓછી કાચી હિંગનો ઉપયોગ કરી રહ્યા હતા. લાલજી ગોધૂ (LG) ના પ્લાન્ટમાંથી એકત્રિત કરાયેલા કાચી હિંગના ૬ વિવિધ સેમ્પલ્સના પરીક્ષણમાં સ્ટાર્ચનું પ્રમાણ ૧૫ થી ૩૨% જેટલું અત્યંત ઊંચું નોંધાયું હતું, જ્યારે નિયમ મુજબ તેમાં વધુમાં વધુ માત્ર ૧% સુધી જ સ્ટાર્ચ હોવાની છૂટ છે.

આ કાર્યવાહી એવા સમયે સામે આવી છે જ્યારે FSSAI એ સુપ્રીમ કોર્ટમાં એક મહત્વપૂર્ણ દરખાસ્ત રજૂ કરી છે કે, પેકેજ્ડ ફૂડ પ્રોડક્ટ્સમાં વધુ પડતી સુગર, મીઠું અથવા સેચ્યુરેટેડ ફેટ હોય તેવા પેકેટો પર સામેની બાજુએ સ્પષ્ટ દેખાય તેવું લાલ રંગનું ષટકોણ વોર્નિંગ લેબલ લગાવવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે.

નોંધનીય છે કે સુપ્રીમ કોર્ટની જસ્ટિસ જે. બી. પારડીવાલાની આગેવાની હેઠળની બેંચે પેકેટ પર ફ્રન્ટ-ઓફ-પેક વોર્નિંગ લેબલ લાગુ કરવામાં વિલંબ બદલ સરકાર અને FSSAI ને આકરો ઠપકો આપ્યો હતો, જે બાદ આ નવો પ્રસ્તાવ રજૂ કરાયો છે.

### ભાજપના વરિષ્ઠ નેતા ડો. મુરલી મનોહર જોશીના સરકારની નીતિઓ પર આકરા પ્રહાર

# સરકાર કૌભાંડોમાં ફસાયેલી, શિક્ષણ પર માઠી અસર

નવી દિલ્હી, તા.૨૯

ભાજપના સંસ્થાપક સભ્ય ડો. મુરલી મનોહર જોશીએ કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારની શિક્ષણ નીતિ, બજેટ અને વહીવટી પ્રાથમિકતાઓ પર તીખા પ્રશ્નો ઉઠાવ્યા છે. તેમણે પેપર લીક, શિક્ષણના વ્યાપારીકરણ અને બજેટમાં કાપ મુદ્દે સરકારની નીતિઓ પર પ્રહાર કર્યા. વાજપેયી સરકાર સાથે સરખામણી કરતા કહ્યું કે ત્યારે પેપર લીક કેમ નહોતા થતા? આજના કૌભાંડોની અસર શિક્ષણ પર પડી છે.

ભારતીય જનતા પાર્ટીના સંસ્થાપકોમાંથી એક, પૂર્વ કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રી અને 'માર્ગદર્શક મંડળ'ના સભ્ય ડો. મુરલી મનોહર જોશીએ કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારની શિક્ષણ નીતિ, બજેટ અને વહીવટી પ્રાથમિકતાઓ પર તીખા સવાલો ઊભા કર્યા છે. એક ખાનગી ઈન્ટરવ્યૂમાં ડો. જોશીએ પેપર લીક, શિક્ષણનું વ્યાપારીકરણ, બજેટમાં કાપ અને 'વિકસિત ભારત'ના દૃષ્ટિકોણ પર સરકારની નીતિઓ પર સીધો વાર કર્યો છે.

પેપર લીકની ઘટનાઓને માત્ર પરીક્ષા પ્રણાલીની નિષ્ફળતા માનવાને બદલે, ડો. જોશીએ તેને સમાજ અને શાસનમાં વધી રહેલા ભ્રષ્ટાચાર સાથે જોડી. તેમણે કહ્યું કે જ્યારે વિદ્યાર્થીઓ જુએ છે કે શિક્ષકોની નિમણૂકો લાંચ આપીને થઈ રહી છે અને દરેક ક્ષેત્રમાં પૈસાનો બોલબાલા છે, તો તેઓ પણ ખોટો રસ્તો અપનાવવામાં સંકોચ કરતા નથી.

વાજપેયી કાર્યકાળ સાથે સરખામણી કરતાં ડો. જોશીએ કૌભાંડો અંગે કહ્યું કે, હું ખૂબ નમ્ર ભાવે પૂછું છું કે વાજપેયીજીના સમયમાં પેપર લીક કેમ નહોતા થતા?' આજે બેંકો અને વેપારમાં કૌભાંડો થઈ રહ્યા છે, સરકાર પોતે કૌભાંડોમાં ફસાયેલી છે, તો તેની અસર શિક્ષણ અને વિદ્યાર્થીઓ પર પણ પડે છે.



પેપર લીક રોકવા માટે સરકાર દ્વારા વિમાનો, સેના અને સુરક્ષા એજન્સીઓના ઉપયોગની કવાયત પર કટાક્ષ કરતાં તેમણે કહ્યું, 'એવું લાગે છે કે આ પરીક્ષા નથી, યુદ્ધ છેડાઈ ગયું હોય!' ડો. જોશીએ સરકારની પ્રાથમિકતાઓ પર સવાલ ઉઠાવતાં કહ્યું કે પ્રાથમિક શિક્ષણ અને આરોગ્યનું બજેટ સતત ઘટી રહ્યું છે, જ્યારે રસ્તાઓ અને માર્ગ પરિવહન પર ખર્ચ વધારવામાં આવી રહ્યો છે.

બજેટની પ્રાથમિકતાઓ પર તેમણે કહ્યું કે રસ્તાઓ બનાવવા એ જ વિકાસ નથી. રસ્તાઓ માટે એન્જિનિયર અને મશીનો જોઈએ, જેના માટે મજબૂત શિક્ષણ પ્રણાલી જરૂરી છે. વરિષ્ઠ ભાજપ નેતાએ કહ્યું કે શિક્ષણનું આર્થિક રીતે ઉત્પાદક હોવું જરૂરી છે. દિલ્હીમાં ખ.અ., ડ્વ.ઉ. અને ઇ.ઊમ. ડિગ્રીધારકો સફાઈ કર્મચારી અથવા કરાર આધારિત કામ કરવા માટે મજબૂર છે. શિક્ષણ અને તબીબી સેવાઓ માત્ર નફો કમાવવાનું સાધન ન હોવા જોઈએ. પ્રાઈવેટ સેક્ટર આવે, પરંતુ પોતાની કમાણીનો એક હિસ્સો પાછો શિક્ષણના વિકાસમાં લગાવે.

બીજી તરફ વિકસિત ભારતના મુદ્દા પર જોશીએ કહ્યું કે, આધુનિક માપદંડોના બદલે માનવીય જીવન મૂલ્યો પર ધ્યાન આપવું પડશે. પ્રકૃતિ સાથે રહેતા આદિવાસી સમુદાયો પણ પોતાની જીવનશૈલીમાં વિકસિત છે.

### નવી શિક્ષણ નીતિ પર 'નીતિ આયોગ'ની ભૂમિકા પર સવાલ

નવી શિક્ષણ નીતિ પર બોલતા ડો. જોશીએ કહ્યું કે વાજપેયી સરકાર દરમિયાન પણ શિક્ષણ નીતિ બદલવાનું સૂચન આવ્યું હતું, પરંતુ તેમણે જૂની નીતિનો અભ્યાસ કર્યા પછી જાણ્યું કે નીતિ માત્ર એટલા માટે ન બદલવી જોઈએ કારણ કે તેને રાજીવ ગાંધી સરકારના સમયમાં બનાવવામાં આવી હતી. તેમણે NEP ૨૦૨૦ના નિર્માણમાં 'નીતિ આયોગ'ની ભૂમિકા પર સવાલ ઉઠાવ્યા અને યાદ અપાવ્યું કે તેમના સમયમાં 'યોજના આયોગ' માત્ર શ્રમ/રોજગારની જરૂરિયાતોનું આકલન કરતું હતું, શિક્ષણના મામલાઓમાં હસ્તક્ષેપ કરતું ન હતું. તેમણે 'નેબરહૂડ સ્કૂલ સિસ્ટમ'(પડોશની શાળામાં અભ્યાસ)ની હિમાયત કરતાં કહ્યું કે અમીર અને ગરીબ તમામ બાળકોને શરૂઆતના તબક્કામાં સમાન અને મફત શિક્ષણ મળવું જોઈએ.

## ખેલજગતમાં ગુજરાતની હરણફાળ

# ઓલિમ્પિક ચેમ્પિયન તૈયાર કરવા DNA સાયન્સનો થશે ઉપયોગ

### દેશનો પ્રથમ 'ફિલ્ડ ટુ લેબોરેટરી' પ્રોજેક્ટ : મિશન ઓલિમ્પિક ૨૦૩૬: ભવિષ્યના ખેલાડીઓને વિજ્ઞાન અને જીનોમિક્સના આધારે આંતરરાષ્ટ્રીય સ્તરની તાલીમ અપાશે

ગાંધીનગર, તા. ૨૯

આગામી કોમનવેલ્થ ગેમ્સ-૨૦૩૦ અને ત્યારબાદ ભારતમાં સંભવિત ઓલિમ્પિક-૨૦૩૬ ના ભવ્ય આયોજન માટે ગુજરાત, અને ખાસ કરીને અમદાવાદમાં તડામાર તૈયારીઓ શરૂ થઈ ચૂકી છે. જોકે, ગુજરાત હવે માત્ર ખેલકૂદના વિશાળ સ્ટેડિયમ કે સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂરતું સીમિત રહેવા માંગતું નથી. ભવિષ્યમાં ભારતમાંથી જ શ્રેષ્ઠ અને વિશ્વકક્ષાના ખેલાડીઓ તૈયાર થાય તે માટે રાજ્ય સરકારે દેશમાં સૌપ્રથમવાર 'ફિલ્ડ ટુ લેબોરેટરી' (મેદાનથી પ્રયોગશાળા સુધી) ની ઐતિહાસિક સફર શરૂ કરવાનો નિર્ણય લીધો છે. સ્પોર્ટ્સ અને જીનોમિક ક્ષેત્રે આ એક અત્યંત મહત્વપૂર્ણ અને ક્રાંતિકારી કદમ છે.

ભારત અને વિશ્વના દિગ્ગજ ખેલાડીઓમાં એવી કઈ ખાસિયત છે જે તેમને જન્મજાત ચેમ્પિયન બનાવે છે? માળખાકીય સુવિધાઓ અને પ્રોત્સાહન તો સરકાર ઊભું કરી શકે, પરંતુ વિશ્વ વિજેતા બનવા માટે જે વિશિષ્ટ ઉગઅ ની જરૂર હોય છે, તેની હવે સાયન્ટિફિક રીતે ઓળખ કરવામાં આવશે. આ પ્રોજેક્ટ હેઠળ શ્રેષ્ઠ ખેલાડીઓના ઉગઅ પ્રોફાઈલનો અભ્યાસ કરી, ભવિષ્યના નવોદિત ખેલાડીઓમાં તે ઉગઅ મેચ કરવામાં આવશે. જે યુવા ખેલાડીઓમાં આ લક્ષણો શ્રેષ્ઠ હશે, તેમને ખાસ તાલીમ, સુવિધા અને પ્રોત્સાહનો આપીને તૈયાર કરાશે, જેથી ભારત એકથી વધુ રમતોમાં ઓલિમ્પિક ગોલ્ડ મેડલ મેળવી શકે.

હાલમાં એથ્લેટિક્સમાં ભારત પ્રમાણમાં પાછળ છે. કુસ્તી, શૂટિંગ અને બેડમિન્ટન જેવી કોર્ટ ગેમ્સમાં હવે નવા ચેમ્પિયનો ઉભરી રહ્યા છે. નીરજ ચોપરાએ જ્વેલિન થ્રો (બરછી ફેંક) માં ગોલ્ડ મેડલ મેળવી ઈતિહાસ રચ્યો છે, પરંતુ સ્વિમિંગ, દોડ, જિમ્નેસ્ટિક્સ, ફૂટબોલ, વોલીબોલ અને બાસ્કેટબોલ જેવી રમતોમાં ભારત હજુ પાછળ છે. આ રમતોમાં શારીરિક સક્ષમતા સૌથી વધુ મહત્વની હોય છે. આથી, ખેલાડીઓનું લોડ-મેનેજમેન્ટ, સ્પોર્ટ્સ મેડિસિન અને ઈજાની સારવાર માટે આ ઉગઅ પ્રોફાઈલિંગ ગેમ-ચેન્જર સાબિત થશે.

રાજ્યના વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાના જણાવ્યા અનુસાર, દેશમાં આ પ્રકારના અદ્યતન કાર્યક્રમનો પ્રારંભ સૌપ્રથમ ગુજરાતમાં થવા જઈ રહ્યો છે. આ સંપૂર્ણ કાર્યક્રમ 'ગુજરાત બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર' (GBRC) ના માધ્યમથી અમલી બનાવવામાં આવશે. આ પ્રોજેક્ટને 'ગુજરાત એથ્લેટ જીનોમ ડેટાબેઝ' નામ આપવામાં આવ્યું છે, જેમાં એથ્લેટ્સના જિનેટિક અને ફિઝિકલ સ્પોર્ટ્સ પર્ફોર્મન્સનો એક વિશાળ ડેટા પૂલ તૈયાર કરાશે. આ પ્રોજેક્ટમાં સ્પોર્ટ્સ સાયન્સ, ફિઝિયોલોજી અને ન્યુટ્રિશન સાયન્સનો સમન્વય કરવામાં આવશે, જે ભવિષ્યના ચેમ્પિયનો ઘડવામાં મહત્વની ભૂમિકા ભજવશે.



#### વિવિધ રમત સંગઠનોની ભાગીદારી અને તબક્કાવાર અમલીકરણ

આગામી ચેમ્પિયનો તૈયાર કરવા માટે અલગ-અલગ ખેલાડીઓના ઉગઅ મેળવવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. આ મહત્વાકાંક્ષી કામગીરીમાં વિવિધ ખેલ એસોસિએશનોને પણ સક્રિય રીતે સામેલ કરવામાં આવશે. પ્રોજેક્ટની શરૂઆત ગુજરાત ટેનિસ એસોસિએશનથી કરવામાં આવી છે. ત્યારબાદ તીરંદાજી, જુડો અને શૂટિંગ સહિતની રમતોના ખેલાડીઓનો ડેટા એકત્રિત કરાશે. ભવિષ્યમાં છેક ચેસ સુધીની રમતોને આમાં આવરી લેવાશે. ખાસ વય જૂથના ડેટાના આધારે ખેલાડીઓને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાત્મક સ્તર સુધી પહોંચાડવા તબક્કાવાર કાર્યક્રમ આગળ ધપાવવામાં આવશે.

#### ઈજા મુક્ત કારકિર્દી અને ગોપનીયતાની ખાતરી

આવા ડીપ ઉગઅ એનાલિસિસથી ખેલાડીઓના શારીરિક બાંધા, તેમની સહનશક્તિ, પ્રતિક્રિયા સમય (Reaction Time) અને ભોજન સંબંધિત ચોક્કસ માહિતી મળશે, જે નવોદિતોને ટ્રેનિંગ આપવામાં આશીર્વાદરૂપ બનશે. જેમ જેમ આ ઉગઅ પૂલ વિસ્તરશે તેમ વધુ વિશાળ ડેટાબેઝ તૈયાર થશે. આ ડેટાના આધારે એક એવું વૈજ્ઞાનિક ફોર્મેટ બનશે, જે ખેલાડીને સંભવિત ઈજાઓ ટાળવા અને ઈજા થાય તો ઝડપથી રિકવર થઈને કારકિર્દી બચાવવામાં મદદ કરશે. સૌથી અગત્યની વાત એ છે કે, આ સમગ્ર પ્રક્રિયામાં ડેટાની સુરક્ષા અને ખેલાડીની ઓળખની સંપૂર્ણ ગુપ્તતા જળવાઈ રહે તે કડક રીતે સુનિશ્ચિત કરવામાં આવશે.

### ગુજરાત હાઈકોર્ટનો મહત્વનો ચુકાદો

## પરિણીત નણંદો સામેનો ઘરેલુ હિંસાનો કેસ રદ

### હાઈકોર્ટે નોંધ્યું કે નણંદો સામેના આક્ષેપો માત્ર સામાન્ય સ્વરૂપના છે અને તેમાં કોઈ નક્કર આધાર નથી

અમદાવાદ, તા. ૨૯

ગુજરાત હાઈકોર્ટે એક મહત્વપૂર્ણ ચુકાદો આપતા પતિની બે પરિણીત બહેનો (નણંદો) સામે દાખલ કરવામાં આવેલી ઘરેલુ હિંસાની ફરિયાદને રદ કરી દીધી છે. કોર્ટે પોતાના અવલોકનમાં સ્પષ્ટ કર્યું હતું કે નણંદો સામે કરવામાં આવેલા આરોપો સામાન્ય અને અસ્પષ્ટ સ્વરૂપના હતા, તેમજ તેઓ પતિ-પત્નીથી સંપૂર્ણપણે અલગ રહેતી હતી.

ભાવનગરની ૧૦મા વધારાના ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ સમક્ષ ઘરેલુ હિંસા ધારા હેઠળ આ ફરિયાદ નોંધાઈ હતી. તેને રદ કરાવવા માટે સાસરી પક્ષ દ્વારા હાઈકોર્ટમાં સ્પેશિયલ ક્રિમિનલ અરજી દાખલ કરવામાં આવી હતી. આ કાર્યવાહી દરમિયાન સાસુ-સસરાએ અરજી પર વધુ ભાર ન આપવાનું પસંદ કરતાં, આ કેસનું ધ્યાન માત્ર પતિની બે પરિણીત બહેનો પર જ કેન્દ્રિત રહ્યું હતું.

કોર્ટ સમક્ષ આવેલી વિગતો મુજબ, ફરિયાદી અને અરજદાર પક્ષના પુત્ર વચ્ચે નવેમ્બર ૨૦૧૩માં લગ્ન થયા હતા અને તેમને બે સંતાનો પણ છે. ફરિયાદી પત્નીએ જુલાઈ ૨૦૨૨માં સાસરું છોડી



દીધું હતું અને ત્યારબાદ સી.આર.પી.સી.ની કલમ ૧૨૫ હેઠળ ભરણપોષણની અરજી સાથે ઘરેલુ હિંસા ધારા હેઠળ કાર્યવાહી શરૂ કરી હતી. અરજદારોના વકીલે દલીલ કરી હતી કે નણંદોના લગ્ન ફરિયાદીના લગ્ન કરતા ઘણા સમય પહેલા થઈ ગયા હતા અને તેઓ અલગ રહેતી હતી. તેથી તેમની સામે ઘરેલુ હિંસાની કાર્યવાહી અસમર્થનીય છે. આ ઉપરાંત, ફરિયાદીએ અગાઉ ૨૦૧૭માં પણ આવી જ કાર્યવાહી શરૂ કરી હતી, જે સામાજિક સમાધાન થતાં પાછી ખેંચી લેવામાં આવી હતી.

#### હાઈકોર્ટનું તારણ અને અવલોકન

ન્યાયમૂર્તિ એ.વાય. કોગજેએ નોંધ્યું હતું કે ફરિયાદીના પતિ વ્યવસાયે ડેન્ટિસ્ટ છે. ફરિયાદીના પોતાના જણાવ્યા મુજબ પણ, જ્યારે તેઓ આગળના અભ્યાસ માટે પુણે ગયા ત્યારે તેઓ ત્યાં અલગ રહેતા હતા. કોર્ટે આખી ફરિયાદને ધ્યાનમાં લેતા તારણ કાઢ્યું કે આક્ષેપો માત્ર સામાન્ય સ્વરૂપના જ છે. કોર્ટે વધુમાં જણાવ્યું હતું કે અરજદાર નંબર-૩ અને ૪ (નણંદો) સામે માત્ર એટલો જ આક્ષેપ છે કે તેઓ ફરિયાદી પાસે દહેજની માંગણી કરવા માટે પતિને ઉશ્કેરતી હતી, આ સિવાય અન્ય કોઈ જ આરોપ નથી. નણંદોના લગ્ન ફરિયાદીના લગ્ન પહેલા જ થઈ ચૂક્યા હતા અને તેઓ અલગ રહે છે, તે હકીકત સ્વીકારવામાં આવી હોવાથી તેમના દ્વારા માનસિક કે શારીરિક ત્રાસ આપવાનો કોઈ પ્રશ્ન જ ઊભો થતો નથી તેમ જણાવી કોર્ટે કેસ રદ કર્યો હતો.

## ગુજરાત રણજી ટીમના પૂર્વ કેપ્ટન નિરંજન મહેતાનું અમેરિકામાં નિધન

### મહાત્મા ગાંધીને સૌપ્રથમ 'મહાત્મા'નું બિરુદ આપનાર જેતપુરના નૌતમલાલ મહેતાના પૌત્ર હતા

### સૌરાષ્ટ્ર, ગુજરાત, વેસ્ટ ઝોન, મફતલાલ, SBI અને સસેક્સ જેવી ટીમોનું પ્રતિનિધિત્વ કર્યું

રાજકોટ, તા. ૨૯

મૂળ સૌરાષ્ટ્રના અને ગુજરાત રણજી ટીમના ભૂતપૂર્વ કેપ્ટન નિરંજન મહેતાનું અમેરિકાના કેલિફોર્નિયા ખાતે હાર્ટ એટેકથી દુઃખદ અવસાન થયું છે. તેમની વિદાયથી ક્રિકેટ જગતમાં અને ખાસ કરીને સૌરાષ્ટ્રમાં શોકની લાગણી છવાઈ છે.

નિરંજનભાઈ મહેતાનો જન્મ ૨૦ જુલાઈ ૧૯૪૫ના રોજ મ્યાનમારમાં થયો હતો. તેઓ ગૌરવશાળી પારિવારિક ઈતિહાસ ધરાવતા હતા. તેમના દાદા નૌતમલાલ મહેતા જેતપુરના જાણીતા સ્વાતંત્ર્ય સેનાની અને પ્રખર ગાંધીવાદી હતા. ઉલ્લેખનીય છે કે, મહાત્મા ગાંધીને સૌપ્રથમ 'મહાત્મા' કહીને સંબોધનાર રવીન્દ્રનાથ ટાગોર નહીં, પરંતુ જેતપુરના નૌતમલાલ મહેતા જ હતા. આ ઉપરાંત, તેમણે જેતપુર જીમખાનાની પણ સ્થાપના કરી હતી.



**હાર્ટ એટેકથી અવસાનઃ અમેરિકાના કેલિફોર્નિયા ખાતે હૃદયરોગના તીવ્ર હુમલાને કારણે દુઃખદ નિધન**

નિરંજનભાઈએ પોતાનો અભ્યાસ રાજકોટની ચૌધરી હાઈસ્કૂલ અને વિરાણી સ્કૂલમાં કર્યો હતો. તેમની ક્રિકેટ પ્રતિભાને નિખારવામાં રાજકોટના જાણીતા કોચ અકબરભાઈ બાબીનો ખૂબ મોટો ફાળો રહ્યો હતો. વર્ષ ૧૯૬૪/૬૫ થી ૧૯૭૭/૭૮ સુધીની તેમની શાનદાર ફર્સ્ટ ક્લાસ કારકિર્દીમાં તેઓ ૫૭ મેચ રમ્યા હતા, જેમાં તેમણે ૨૫૬૬ રન ફટકાર્યા હતા અને ૪૮ વિકેટ પણ ઝડપી હતી.

તેમની ક્રિકેટ યાત્રા માત્ર ગુજરાત પૂરતી સીમિત નહોતી. તેમણે ગુજરાત રણજી ટીમનું સુકાનીપદ સંભાળવાની સાથે સૌરાષ્ટ્ર, વેસ્ટ ઝોન (દુલીપ ટ્રોફી), મફતલાલ, SBI, એચ.એલ. કોલેજ અને ગુજરાત યુનિવર્સિટી વતી પણ શ્રેષ્ઠ દેખાવ કર્યો હતો. તેઓ ઈંગ્લેન્ડની કાઉન્ટી ટીમ 'સસેક્સ' ઉપરાંત લેન્કેશાયર લીગ અને સ્કોટિશ લીગમાં પણ રમ્યા હતા. મફતલાલની પ્રતિષ્ઠિત ટીમ સાથે રમતા તેમણે અશોક માંકડ, એકનાથ સોલકર, અજિત વાડેકર અને બ્રિજેશ પટેલ જેવા ભારતીય દિગ્ગજો સાથે ડ્રેસિંગ રૂમ શેર કર્યો હતો.

તેમના શાનદાર પ્રદર્શનને કારણે વર્ષ ૧૯૭૧ની વેસ્ટ ઈન્ડીઝ ટૂર માટેની ભારતીય ટીમના સંભવિત ખેલાડીઓમાં પણ તેમના નામનો સમાવેશ કરવામાં આવ્યો હતો. તેમના પરિવારની એક રસપ્રદ વિશેષતા એ રહી છે કે જ્યારે નિરંજનભાઈ ગુજરાત તરફથી રમતા હતા, ત્યારે તેમના નાના ભાઈ અતુલ મહેતા મુંબઈ માટે રણજી ટ્રોફી રમતા હતા. નિરંજનભાઈ આજે ભલે આપણી વચ્ચે નથી રહ્યા, પરંતુ તેમનું શાનદાર ક્રિકેટ અને તેમની યાદો હંમેશા રમતપ્રેમીઓના હૃદયમાં જીવંત રહેશે.

## શ્રી ગાયત્રી આશ્રમ, ગધેથડ-ઉપલેટાના મહંત શ્રી લાલ બાપુનું સફળ ઓપરેશન

### રેડિયન્સ હોસ્પિટલ, અમદાવાદ ખાતે શ્રી લાલબાપુનું પ્રોસ્ટેટનું ઓપરેશન સફળતાપૂર્વક થયુ, હાલ બાપુની તબીયત ખુબ જ સારી

ડો. અમીત ત્રિવેદી (યુરોલોજી સર્જન) તથા ડો. અપૂર્વ વ્યાસ (ઓબેસિટી સર્જન) અને તેની ટીમ દ્વારા ઓપરેશન સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યુ.



ગુજરાતનાં મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા વિડીયો કોલથી બાપુના તબિયતનાં સમાચાર જાણ્યા. તેમજ શ્રી બાપુની તબિયતના ખબર અંતર પુછવા માટે ગુજરાતભરનાં મહાનુભાવો પધાર્યા હતા જેવા કે, ગુજરાતનાં નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, કેન્દ્રીય કેબીનેટ મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયા, પૂર્વ કેન્દ્રીય મંત્રી શ્રી પરષોતમ ભાઈ રૂપાલા, લોકસભા મેમ્બર પુનમબેન માડમ, પૂર્વ મુખ્યમંત્રી શ્રી શંકરસિંહ વાઘેલા તથા શ્રી શકિતસિંહ ગોહિલ, તથા GTPL ના માલીકો શ્રી અનિરૂધ્ધ સિંહ જાડેજા, શ્રી કનકસિંહ રાણા, શ્રી રાજભા જેઠવા તથા શ્રી હિતેન્દ્રસિંહ ચૌહાણ (મહામંત્રી- ગુજરાત પ્રદેશ, ભાજપ), તૃપ્તિબા રાઓલ (કન્વીનર સંકલન સમિતી) તથા ક્ષત્રિય સમાજનાં તમામ અગ્રણીઓ અને તમામ હોદેદારશ્રીઓ દ્વારા બાપુની તબિયતનાં સમાચાર પુછવામાં આવ્યા હતા. શ્રી જયરાજસિંહ પરમાર (પ્રવકતા - ગુજરાત પ્રદેશ, ભાજપ) તથા શ્રી કિશોરસિંહ ઝાલા (ઉદ્યોગપતિ) આ બન્ને મહાનુભાવોની બાપુની માંદગી દરમ્યાન સતત સેવા મળતી રહી. તેમજ રાજયનાં પોલીસ વડા શ્રી અનુપમસિંહ ગેહલોત પણ હાજર રહયા હતા.



શ્રી નરેશભાઈ પટેલ, શ્રી બાબુભાઈ જમનાદાસ પટેલ - ધારાસભ્ય શ્રી દસ્ક્રોઈ તથા દરેક પાટીદાર અગ્રગણ્ય આગેવાનો દ્વારા શ્રી લાલબાપુની તબીયતનાં સમાચાર પુછવામાં આવ્યા હતા.



પદ્મશ્રી ડો. જયંતભાઈ વ્યાસ (વાઈસ ચાન્સેલર, NSFU), પદ્મશ્રી ભીખુદાન ગઢવી તથા ઈશુદાનભાઈ ગઢવી પણ રૂબરૂ આવી બાપુના તબિયતનાં સમાચાર પુછયા હતા.

ભાગવત કથાકાર પુજય શ્રી જીજ્ઞેશ દાદાએ રૂબરૂ મુલાકાત કરી તેમજ શ્રી રામ કથાકાર પૂજય મોરારી બાપુ દ્વારા વિડીયો કોલથી તબિયતનાં સમાચાર પુછવામાં આવ્યા તથા અનેક કથાકારો દ્વારા બાપુના સ્વાસ્થ્ય માટે પ્રાથના કરવામાં આવી તેમજ તબીયતનાં સમાચાર પુછવામાં આવ્યા હતા.



**ડો. અપૂર્વ વ્યાસ**
ગુજરાત ના પ્રથમ અને એકમાત્ર રોબોટિક ઓબેસિટી સર્જન

સાળંગપુર કષ્ટભંજન હનુમાન મંદિરના પુજય હરિપ્રકાશ સ્વામી શ્રી અને વિવેક સ્વામી શ્રી, પંચનાથ મહાદેવ મંદિર, ધોરાજીના મહંત શ્રી શ્રધ્ધાનંદજી બાપુ, દંડીસ્વામી આશ્રમ, ડાકોરના મહંત શ્રી વિજયદાસ બાપુ ઉપરાંત ગુજરાતભરનાં સંતો અને મહંતશ્રીઓ દ્વારા રૂબરૂ તથા ટેલીફોનનાં માધ્યમથી બાપુની તબિયત માટે ચિંતા વ્યકત કરાઈ અને તેમના સારા સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરવામાં આવી.

ગુજરાતનાં નામાંકિત કલાકારો દ્વારા રૂબરૂ તથા ટેલીફોનનાં માધ્યમથી બાપુનાં સારા સ્વાસ્થય માટે પ્રાર્થના કરવામાં આવી.

ઉપરાંત બાપુનાં અસંખ્ય સેવકો અને ભકતો દ્વારા તેમના સ્વાસ્થ્ય માટે ઉપવાસ, યજ્ઞો અને પ્રાર્થના કરવામાં આવી હતી.

**શનિવાર, તા.૨૯/૮/૨૬નાં રોજ બાપુને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવેલ છે. ત્યાર બાદ બાપુ સેવક રાજુભાઇ ગજેરાનાં નિવાસ સ્થાને થોડા સમય માટે રોકાશે.**

**પુજય સંત શ્રી લાલબાપુનાં આશિર્વાદથી રેડિયન્સ હોસ્પિટલ, અમદાવાદમાં જરૂરીયાતમંદ દર્દીઓને ઓપરેશન ખર્ચમાં ખાસ રાહત આપવામાં આવશે**

સૌજન્ય :
RADIANCE HOSPITALS
TRANSFORMING LIVES
ANSH Obecure
Solutions for obesity
ત્રીજો અને ચોથો માળ, કેપીટલ-૨,
વિજય ચાર રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ.
એપોઇન્ટમેન્ટ માટે સંપર્ક : ૭૦૪૩૨ ૧૧૧૧૮, ૯૯૮૭ ૩૩૩૮૭ (એપોઇન્ટમેન્ટ લેવી ફરજીયાત છે)

રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનનો ઐતિહાસિક નિર્ણય

# રોડ-રસ્તાના કામોમાં લાલિયાવાડી બંધ

## કોન્ટ્રાક્ટરોએ કામના સ્થળે જ મૂકવી પડશે જવાબદારીની તકતી : નબળા કામ અને વિલંબ પર લાગશે બ્રેક

રાજકોટ, તા.૨૯

રાજકોટ શહેરના વિકાસ કામો અને રોડ-રસ્તાના નિર્માણમાં પારદર્શિતા લાવવા માટે રાજકોટ મહાનગરપાલિકાના મેયર ડો. નેહલ શુક્લ દ્વારા એક અત્યંત મહત્વપૂર્ણ અને સરાહનીય નિર્ણય લેવામાં આવ્યો છે. અત્યાર સુધી કેટલાક કોન્ટ્રાક્ટરો અને અધિકારીઓની કથિત મિલીભગતને કારણે નબળા કામો થતા હોવાની અને કામ સમયસર પૂરું ન થતું હોવાની વ્યાપક ફરિયાદો ઉઠતી હતી. આ પરિસ્થિતિ અને કથિત લાલિયાવાડીનો કાયમી અંત આણવા માટે મનપા તંત્ર દ્વારા હવે તમામ રોડ-રસ્તાના કામો માટે કડક નિયમો લાગુ કરી દેવામાં આવ્યા છે, જેનાથી શહેરીજનોને સીધો ફાયદો થશે. નવા નિર્ણય મુજબ, હવેથી શહેરમાં કોઈપણ રોડ કે રસ્તાનું કામ શરૂ કરતી વખતે કોન્ટ્રાક્ટરે સંબંધિત કામના સ્થળે એક વિગતવાર તકતી (માહિતી બોર્ડ) લગાવવી ફરજિયાત રહેશે. આ તકતીના માધ્યમથી સામાન્ય શહેરીજનો પણ ચાલી રહેલા કામ બાબતની તમામ વિગતો સરળતાથી જાણી શકશે. આ તકતી પર નીચે મુજબની મહત્વની માર્ગદર્શક બાબતો સ્પષ્ટ અક્ષરે દર્શાવવાની રહેશે.

જેમાં કામ કરનાર કોન્ટ્રાક્ટરનું નામ અને તેમનો સીધો સંપર્ક નંબર , કામ શરૂ કર્યા બાદ તેને પૂર્ણ કરવા માટે નક્કી કરવામાં આવેલી અંતિમ તારીખ, નાગરિકોની સુવિધા માટે રાજકોટ મહાનગરપાલિકાનો સત્તાવાર ટોલ-ફ્રી નંબર તથા રોડના કામનો 'ડિફેક્ટ લાયબિલિટી પિરિયડ' પણ દર્શાવાનો રહેશે. માત્ર તકતી લગાવી દેવાથી કામ પૂરું નહીં થાય, પરંતુ પારદર્શિતા જાળવવા માટે નિયમમાં ડિજિટલ પુરાવા પણ ફરજિયાત કરવામાં આવ્યા છે. કોન્ટ્રાક્ટરે કામના સ્થળે તકતી લગાવ્યા બાદ તેના સ્પષ્ટ ફોટોગ્રાફ્સ મનપાની સત્તાવાર વેબસાઇટ પર અપલોડ કરવાના રહેશે, જેથી સત્તાધીશો પણ તેનું નિરીક્ષણ કરી શકે. આ ઉપરાંત, સમગ્ર 'ડિફેક્ટ લાયબિલિટી પિરિયડ' દરમિયાન આ તકતી યોગ્ય સ્થિતિમાં જળવાઈ રહે તેની સંપૂર્ણ જવાબદારી પણ કોન્ટ્રાક્ટરના શિરે જ રહેશે.

આ ઐતિહાસિક નિર્ણયથી રાજકોટના નાગરિકોને મોટો અધિકાર મળ્યો છે. જો કોઈ રોડના કામમાં બિનજરૂરી વિલંબ થાય અથવા તો કામની ગુણવત્તા સામે પ્રશ્નો ઊભા થાય, તો શહેરીજનો આ તકતી પર દર્શાવેલી વિગતો અને ટોલ-ફ્રી નંબરના આધારે સત્તાવાર ફરિયાદ નોંધાવી શકશે. મેયર ડો. નેહલ શુક્લના આ કડક વલણને કારણે હવે રોડ-રસ્તાના કામોમાં વેઠ ઉતારવાની નીતિ બંધ થશે અને પ્રજાના ટેક્સના નાણાંનો યોગ્ય અને પારદર્શક ઉપયોગ સુનિશ્ચિત થશે.

રાજકોટ શહેરમાં છેલ્લા કેટલાક સમયથી રોડ-રસ્તાના નિર્માણ અને તેની ગુણવત્તાને લઈને મહાનગરપાલિકા સાતત્યપૂર્ણ રીતે વિવાદો અને વિપક્ષોના નિશાના પર રહી છે. શહેરીજનો દ્વારા ચોમાસા દરમિયાન રસ્તાઓનું ધોવાણ થઈ જવું, ખાડાઓનું સામ્રાજ્ય ઊભું થવું અને નવા બનેલા રસ્તાઓ ટૂંક સમયમાં જ બિસ્માર થઈ જવા અંગે અનેક રજૂઆતો અને ફરિયાદો સામે આવતી રહી છે.

### તંત્ર સામે પ્રશ્નો ઊભા થવાના મુખ્ય કારણો

- નવા બનેલા રોડ-રસ્તાઓ પ્રથમ વરસાદમાં જ તૂટી જવાથી કામગીરીની ગુણવત્તા સામે ગંભીર સવાલો ઊભા થાય છે.
- સમયસર કામ પૂરું ન થવું, એસ્ટીમેટ મુજબ કામ ન થવું અને મજબૂત સુપરવિઝનનો અભાવ હોવાને કારણે કથિત લાલિયાવાડી ચાલતી હોવાના આરોપો લાગતા રહ્યા છે.
- રસ્તો ખરાબ થાય ત્યારે કોન્ટ્રાક્ટર કે તંત્રના અધિકારીઓમાંથી કોની જવાબદારી નક્કી કરવી તે અંગે સ્પષ્ટતા ન હોવાથી પ્રજાને હેરાનગતિ ભોગવવી પડતી હતી.
- અનેક પ્રોજેક્ટ્સ નક્કી કરેલી સમયમર્યાદા કરતાં વધુ સમય લેતા હોવાથી વાહનચાલકો અને સ્થાનિક વેપારીઓને ભારે મુશ્કેલી વેઠવી પડે છે.




# ફરાળી ચીજો-ખાદ્ય એકમોમાં સઘન ચેકિંગ

## ૧૫૪ કિલો અખાદ્ય જથ્થાનો નાશ, ૦૯ પેઢીને નોટિસ અને રૂ. ૧૭,૫૦૦નો દંડ : ૩૧ સ્થળો પર તપાસ





રાજકોટ, તા. ૨૯

રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા શહેરમાં ફરાળી પેટીસ તેમજ અન્ય ફરાળી ખાદ્યચીજોનું વેચાણ કરતાં એકમોમાં શુદ્ધતા જળવાઈ રહે અને તેમાં વપરાશમાં લેવાતા સ્ટાર્ચ તથા રો-મટિરિયલ યોગ્ય ગુણવત્તાના હોય તે સુનિશ્ચિત કરવા માટે વ્યાપક સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ સર્વેલન્સ ઝુંબેશ દરમિયાન ભેળસેળ અને ગંદકી સામે કડક કાર્યવાહી કરતા ફૂડ વિભાગની ટીમે શહેરના અલગ-અલગ વિસ્તારોમાંથી કુલ મળીને ૪૫ પેઢીઓની તપાસ કરી હતી. આ કામગીરી દરમિયાન ૧૪૦ કિલો વાસી માવા સહિત કુલ અંદાજિત ૧૫૪ કિલોગ્રામ અખાદ્ય તેમજ વાસી ખોરાક અને છાપેલી પસ્તીનો સ્થળ પર જ નાશ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત નિયમોનું ઉલ્લંઘન કરનાર ૦૯ પેઢીઓને સ્ટોરેજ, લાયસન્સ અને હાઈજેનિક કન્ડિશન બાબતે કારણદર્શક નોટિસ આપવામાં આવી હતી તેમજ વિવિધ પેઢીઓ પાસેથી કુલ મળીને રૂ. ૧૭,૫૦૦ નો વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવ્યો હતો. આ ચેકિંગ દરમિયાન FSS-એક્ટ હેઠળ ફરાળી લોટ, પનીર, ચીઝ અને ફ્લેવર્ડ પાવડર જેવા કુલ ૦૫ શંકાસ્પદ નમૂનાઓ પણ લેબ ટેસ્ટિંગ માટે એકત્ર કરવામાં આવ્યા હતા.

દંડનીય કાર્યવાહીના ભાગરૂપે કુવાડવા રોડ પર આવેલ હિરેન પર્ફ્યુમરી વર્કસમાંથી પાન મસાલાના ફ્લેવર્ડ પાવડરની તપાસ કરી લાયસન્સ અને હાઇજીન બાબતે નોટિસ આપી રૂ. ૩,૦૦૦ નો દંડ વસૂલ કરાયો હતો, જ્યારે પેડક રોડ પર સ્થિત જુબિલન્ટ ફૂડ વર્કસ (ડોમિનોઝ પીઝા) માંથી પનીર અને ચીઝના નમૂના લઈ રૂ. ૫,૦૦૦ નો ચાર્જ વસૂલાયો હતો. સંત કબીર રોડ પર આવેલ ગણેશ ડેરી ફાર્મમાંથી ૧૪૦ કિલો વાસી માવો મળી આવતા તેનો નાશ કરી રૂ. ૩,૦૦૦ નો દંડ કરાયો હતો, જ્યારે રાજશ્રી સિનેમા રોડ પર આવેલ ગજાનંદ પેટીસમાંથી ફરાળી પેટીસના લોટનો નમૂનો લેવાયો હતો. આ સિવાય મહાદેવ ફરસાણ, કિશન ફરસાણ અને ભગીરથ ફરસાણ જેવા એકમોમાંથી અખાદ્ય ખોરાક તથા પસ્તીનો નાશ કરી પ્રત્યેક પાસેથી રૂ. ૫૦૦ નો દંડ વસૂલાયો હતો. તેમજ જય બાલાજી કોલ્ડ્રિક્સ, મુરલીધર ફરસાણ, હાર્મની ગાર્ડન રેસ્ટોરન્ટ, પ્રાઇડ ડીલીશીયસ, ગોકુલ ડેરી, ગોપાલ ડેરી અને રૈયા રોડ પર આવેલી અવિયુક્ત ગર્લ્સ હોસ્ટેલ (PG) સામે લાયસન્સ, હાઇજીન અને સ્ટોરેજની ખામી બદલ નોટિસ આપી નિયમાનુસાર વહીવટી દંડ વસૂલ કરવામાં આવ્યો હતો.

આ ઝુંબેશ દરમિયાન ફૂડ વિભાગની ટીમે શહેરની અન્ય ૩૧ જેટલી નામાંકિત પેઢીઓ અને રેસ્ટોરન્ટ્સમાં પણ સ્થળ તપાસ કરી સ્થિતિની સમીક્ષા કરી હતી. જેમાં ૧૫૦ ફીટ રિંગ રોડ, રૈયા ચોકડી, ટાગોર રોડ અને પેડક રોડ પર આવેલી લા પીનોઝ પીઝાની વિવિધ શાખાઓ, બોનાઝાઈ ફૂડ્સ, હોટલ સિલ્વર પેલેસ, હોટલ સરોવર પોર્ટીકો, દાના પાની રેસ્ટોરન્ટ, પ્રેમવાટિકા રેસ્ટોરન્ટ અને ધ ગ્રાન્ડ ખોડીયાર રેસ્ટોરન્ટનો સમાવેશ થાય છે. આ ઉપરાંત બાપા સીતારામ પેટીસ, જલારામ રગડા સેન્ટર, ખોડીયાર ડાઇનિંગ હોલ, તથા સંતકબીર રોડ અને આશ્રમ રોડ વિસ્તારમાં આવેલી વિવિધ ડેરીઓ, ચામુંડા ઘુઘરા, જગદીશ ગાંઠીયા અને ફરસાણના મુખ્ય એકમોમાં પણ વિગતવાર સ્થળ તપાસ હાથ ધરવામાં આવી હતી. મહાનગરપાલિકા દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે પ્રજાના આરોગ્ય સાથે ચેડાં કરતા વેપારીઓ સામે આગામી દિવસોમાં પણ આ જ પ્રકારે આકરા પગલાં ચાલુ રાખવામાં આવશે.

જાન્યુઆરીથી ફાઈલો પેન્ડિંગ રહેતા કમિશનરને રજૂઆત

૧ લાખથી વધુ ખર્ચની ફાઈલો જાન્યુઆરી-૨૦૨૬થી તંત્ર પાસે પેન્ડિંગ

# મનપામાં તબીબી સહાય મેળવવા કર્મચારીઓ પરેશાન

રાજકોટ, તા.૨૯

રાજકોટ મહાનગરપાલિકામાં ફરજ બજાવતા વર્ગ-૧ થી ૪ના અધિકારીઓ અને કર્મચારીઓને તબીબી સારવાર માટે મળતી આર્થિક સહાય મેળવવામાં મોટી મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. છેલ્લા આઠ-આઠ મહિનાથી તબીબી સહાયની દરખાસ્તો અને ફાઈલો સરકારી દફતરે અટવાઈ પડી હોવાથી નાના કર્મચારીઓની આર્થિક સ્થિતિ કફોડી બની છે. આ પરિસ્થિતિને ધ્યાને રાખીને પછાત વર્ગ મ્યુનિસિપલ કર્મચારી મંડળ દ્વારા મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખીને તમામ અટકેલી ફાઈલો તત્કાલ મંજૂર કરાવવા માટે ધારદાર રજૂઆત કરવામાં આવી છે.

મહાપાલિકાના કર્મચારીઓને સરકારી નિયમો હેઠળ વિવિધ બીમારીઓની સારવાર માટે નાણાકીય તબીબી સહાય પૂરી પાડવામાં આવે છે. નિયમ મુજબ રૂા. ૧ લાખ સુધીની મર્યાદામાં તબીબી સહાય ચૂકવવા માટે સ્થાયી સમિતિ દ્વારા ઠરાવ કરવામાં આવેલો છે. જોકે, તા. ૨૪-૮-૨૦૧૨ના ઠરાવ અનુસાર જો કર્મચારીની સારવારનો ખર્ચ રૂા. ૧ લાખથી વધુ થતો હોય, તો તે અંગેની ફાઈલો અલગથી મંજૂર કરાવવી પડે છે. આવી રૂા. ૧ લાખથી વધુના ખર્ચ ધરાવતી તમામ ફાઈલો જાન્યુઆરી-૨૦૨૬થી તંત્ર સમક્ષ પેન્ડિંગ પડી છે અને તેના પર કોઈ પણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવી નથી.



વર્તમાન સમયમાં હોસ્પિટલ અને દવાઓના વધતા જતા ખર્ચ તેમજ સતત વધતી મોંઘવારીના કારણે બીમારીના સમયે કર્મચારીઓ ભારે આર્થિક બોજ હેઠળ આવી જાય છે. કર્મચારી મંડળના પ્રમુખ અશોક રાઠોડ, ઉપપ્રમુખ વિરલ ચાવડા, મહેન્દ્ર ભોજાણી, નરેન્દ્રભાઈ પરમાર, અશોકભાઈ સોલંકી અને મહેશભાઈ મકવાણાએ કમિશનરને પત્ર પાઠવીને માંગ કરી છે કે આ તમામ અટકેલી ફાઈલો અંગેની જરૂરી દરખાસ્ત તત્કાલ તૈયાર કરી સ્થાયી સમિતિ (સ્ટેન્ડિંગ કમિટી) સમક્ષ મોકલવામાં આવે. સ્થાયી સમિતિ મારફત ખાસ કિસ્સા તરીકે આ આર્થિક તબીબી સહાયની ફાઈલો મંજૂર કરાવીને કર્મચારીઓને સમયસર સહાય પૂરી પાડવામાં આવે તે અત્યંત જરૂરી છે.

# વિરોધ પક્ષના નેતા તરીકે દીપ્તિબેન સોલંકી

## લોકપ્રશ્નો-ભ્રષ્ટાચાર સામે ઉગ્ર લડત આપવાની આપી ખાતરી

રાજકોટ, તા.૨૯

રાજકોટ મહાનગરપાલિકામાં ગત મે મહિનાથી શરૂ થયેલી નવી ટર્મ માટે વિરોધ પક્ષ કોંગ્રેસના નેતા તરીકે વોર્ડ નંબર ૧૬ના મહિલા કોર્પોરેટર અને રાજકોટ શહેર મહિલા કોંગ્રેસ પ્રમુખ દીપ્તિબેન સોલંકીની પસંદગી કરવામાં આવી છે. કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિતભાઈ ચાવડા દ્વારા કોળી સમાજનું ગૌરવ એવા દીપ્તિબેન સોલંકીની આ મહત્વની જવાબદારી માટે નિયુક્તિ કરવામાં આવી છે. રાજકોટના જનરલ બોર્ડમાં પ્રજાના પાયાના પ્રશ્નોને વાચા આપવા અને મનપાના ભ્રષ્ટાચાર સામે કડક વલણ અપનાવવા તેમણે સ્પષ્ટ તૈયારી દર્શાવી છે.

અગાઉની ટર્મમાં ભાજપ પાસે ૬૮ અને કોંગ્રેસ પાસે ૪ બેઠકો હતી, જેમાં વિપક્ષી નેતા તરીકે ભાનુબેન સોરાણી અને વશરામભાઈ સાગઠીયાએ જવાબદારી સંભાળી હતી. પરંતુ આ વખતે કોંગ્રેસનો ગ્રાફ સુધર્યો છે અને કુલ ૭ બેઠકો પર જીત મેળવી છે. વિશેષરૂપે વોર્ડ નંબર ૧૬ની આખી પેનલ કોંગ્રેસે જીતી લેતા, પ્રદેશે આ જ વોર્ડના સક્રિય મહિલા કોર્પોરેટર દીપ્તિબેન સોલંકી પર પસંદગીનો કળશ ઢોળ્યો છે.

વિરોધ પક્ષના નેતા તરીકે નિમણૂક થતાં જ દીપ્તિબેન સોલંકીએ શહેરના પ્રશ્નો અંગે પોતાની પ્રાથમિકતાઓ સ્પષ્ટ કરી હતી જેમાં શહેરમાં દૂષિત પાણી પુરવઠો, આંગણવાડીઓની કથળતી સ્થિતિ અને શિક્ષણ જેવા મૂળભૂત પ્રશ્નોથી પીડાતી જનતાનો અવાજ બોર્ડમાં મજબૂતીથી ઉઠાવાશે. પ્રજાના ટેક્સના નાણાંનો વહીવટ કરતા ભાજપ શાસકોના રાજમાં ચાલતા ભ્રષ્ટાચારને નાથવા ઉગ્ર લડત ચલાવવામાં આવશે. ડિમોલિશન ખર્ચની તપાસ માટે રચાયેલી 'સીટ' સમિતિનો રિપોર્ટ તાત્કાલિક જાહેર કરવા માટે મનપા સામે માંગણી મજબૂત કરાશે.




દીપ્તિબેન સોલંકીની નિમણૂક બદલ પ્રદેશ પ્રમુખ અમિતભાઈ ચાવડા તેમજ રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ ડો. રાજદીપસિંહ જાડેજાએ તેમને અભિનંદન પાઠવ્યા છે. તેમણે આશા વ્યક્ત કરી છે કે દીપ્તિબેન સોલંકીના નેતૃત્વમાં વિરોધ પક્ષ રાજકોટની જનતા માટે એક મજબૂત અવાજ બનીને લોકહિતના કામો અસરકારક રીતે પાર પાડશે.

# લોકમેળો નિર્વિઘ્ને યોજવા કલેક્ટર તંત્રનું માઇક્રો પ્લાનિંગ

## ૧૭૩ અધિકારીઓ તૈનાત : મામલતદાર, નાયબ મામલતદાર, મહેસુલી તલાટી, કાર્યાલય અધિક્ષક અને હેડ ક્લાર્કને જવાબદારી

રાજકોટ, તા.૨૯

રાજકોટના ઐતિહાસિક રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે આયોજિત 'વિરાસતથી વિકાસ-૨૦૨૬' લોકમેળામાં આવતા લાખો શ્રદ્ધાળુઓ અને સૈલાનીઓ સુખદ અનુભવ માણી શકે તે માટે જિલ્લા કલેક્ટર તંત્ર અને લોકમેળા અમલીકરણ સમિતિ દ્વારા વહીવટી રોડમેપ તૈયાર કરી દેવામાં આવ્યો છે. મેળામાં કાયદો, સુરક્ષા અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ૧૭૩ જેટલા અધિકારીઓ અને કર્મચારીઓને ખાસ જવાબદારી સોંપીને ઓર્ડર ઈશ્યૂ કરી દેવાયા છે.

મેળાના સંચાલન માટે મહેસૂલી અને પંચાયત વિભાગના વિવિધ સ્તરના અધિકારીઓને પોઈન્ટ વાઈઝ ડેપ્યુટેશન આપવામાં આવ્યું છે જેમાં મામલતદાર, નાયબ મામલતદાર, મહેસુલી તલાટી, કાર્યાલય અધિક્ષક અને હેડ ક્લાર્ક, સર્વેયર, જુનિયર નગર નિયોજક, ઈજનેર, અધિક મદદનીશ ઈજનેર, તાલુકા વિકાસ અધિકારી, વેરા નિરીક્ષક, વિસ્તરણ અધિકારી અને સપોર્ટ સ્ટાફ નિયુક્ત કરાયો છે.

કોઈપણ આકસ્મિક પરિસ્થિતિ કે નાગરિકોની ફરિયાદોના ત્વરિત નિકાલ માટે કલેક્ટર કચેરી હસ્તક વિશેષ કંટ્રોલ રૂમ કાર્યરત કરાયો છે. જેમાં ભાવ નિયંત્રણ, કાયદો-વ્યવસ્થા અને ફાયર સેફ્ટી અંગેની ફરિયાદો માટે રજિસ્ટર નિભાવવું અને ત્વરિત કાર્યવાહી કરવી. મેળાગ્રાઉન્ડમાં બનાવવામાં આવેલા ઈમરજન્સી કોરિડોર રૂટ-૧, ૨, ૩ અને ૪ પર કોઈ પણ પ્રકારનું અતિક્રમણ (દબાણ) ન થાય અને આ રસ્તાઓ સતત ખુલ્લા રહે તે સુનિશ્ચિત કરવું. અન્ય તમામ સરકારી વિભાગોના કર્મચારીઓની સમયસર હાજરી સુનિશ્ચિત કરવા જણાવ્યું છે.

સિક્યોરિટી ગાર્ડ્સને નક્કી કરાયેલા ૪ ઝોનમાં જ ફરજ બજાવવાની રહેશે. સેન્ટ્રલ કંટ્રોલ રૂમની રિઝર્વ ટીમ (૩-૪ ગાર્ડ) સિવાયના તમામ ગાર્ડ્સ પોતાના નિશ્ચિત પોઇન્ટ પર હાજર રહે તે જોવાની જવાબદારી નાયબ મામલતદાર અને સુપરવાઈઝિંગ અધિકારીની રહેશે. તથા રાત્રિ દરમિયાન કંટ્રોલ રૂમ પર ફરજ પરના કર્મચારીઓએ રાત્રિ સિક્યોરિટી સ્ટાફની કામગીરીનું સતત મોનિટરિંગ કરવાનું રહેશે.



રાજકોટ મિરર તંત્રીની કલમે

# પાણી મપાશે

## દુષ્કાળના ડાકલા મુદ્દે રાજનૈતિક ખેલના પૂર



ગુજરાતમાં વિધાનસભા ચૂંટણીના પડઘમ વાગવાના છે. રાજકીય પક્ષોએ ચૂંટણી લક્ષી તૈયારીઓ શરૂ કરી દીધી છે. ચોમાસાની સિઝન હવે પૂરી થવાના આરે આવી પહોંચી છે. જો કે સૌરાષ્ટ્રના મોટાભાગના વિસ્તારોમાં પૂરતો વરસાદ નોંધાયો નથી. ખાસ કરીને દેવભૂમિ દ્વારકા અને ખંભાળિયા પંથકમાં વરસાદની ભારે ખેંચ જોવા મળી છે. આ પરિસ્થિતિને કારણે સમગ્ર વિસ્તારમાં ગંભીર દુષ્કાળ જેવી સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે.

સૌરાષ્ટ્રમાં ખેતી અને પશુપાલન જ મુખ્ય વ્યવસાય છે. વરસાદ ન પડવાથી ખેડૂતો અને માલધારીઓ પર આર્થિક સંકટ ઘેરાયું છે. પાક નિષ્ફળ જવાની ભીતિ સેવાઈ રહી છે. પીવાના પાણી અને ઘાસચારાની ભારે અછત ઊભી થાય તેવા સ્પષ્ટ એંધાણ વર્તાઈ રહ્યા છે. ચૂંટણીના જ વર્ષે આવી કુદરતી આફત સામે આવતા શાસક પક્ષ માટે મોટો પડકાર ઊભો થયો છે.

આ ગંભીર સ્થિતિ વચ્ચે રાજકીય પક્ષોએ પોતપોતાની રણનીતિ ઘડવાની શરૂઆત કરી દીધી છે. દુષ્કાળના મુદ્દા પર રાજકારણના ખેલ ખેલાવાના શરૂ થઈ ગયા છે. આમ આદમી પાર્ટી એ ખંભાળિયા વિસ્તારને તાત્કાલિક દુષ્કાળગ્રસ્ત જાહેર કરવાની માંગ સાથે આક્રમક લડત શરૂ કરી છે. આપના નેતાઓ આ મુદ્દે શાસકો સામે સતત વિરોધ પ્રદર્શિત કરી રહ્યા છે. બીજી તરફ કોંગ્રેસ પણ આ મુદ્દાને હાથમાંથી જવા દેવા માંગતી નથી. કોંગ્રેસે વિરોધ દર્શાવવા માટે કોરા ધાકોર ડેમના પટમાં 'દુષ્કાળગ્રસ્ત ક્રિકેટ ટુર્નામેન્ટ'નું અનોખું આયોજન કર્યું છે. વિપક્ષો સરકારને ઘેરવાનો પૂરતો પ્રયાસ કરી રહ્યા છે. જો આગામી દિવસોમાં વરસાદ નહીં થાય તો શાસક ભાજપ માટે સ્થિતિ ખૂબ જ આકરી બની રહેશે.

જોકે વિપક્ષ પાસે પણ સ્પષ્ટ અને મજબૂત રણનીતિનો અભાવ દેખાઈ રહ્યો છે. જો કોંગ્રેસ અને આપ અલગ-અલગ લડીને એકબીજાના મતો કાપશે તો આ પરિસ્થિતિ તેમના માટે રાજકીય આપઘાત સમાન સાબિત થઈ શકે છે. મેઘમહેર નહીં થાય, તો ચૂંટણી ટાણે જ દુષ્કાળના મુદ્દે તમામ રાજકીય પક્ષોના પાણી મપાઈ જશે. પ્રજા કોની સાથે રહે છે તે જોવું રસપ્રદ બની રહેશે.

# રાહુલ ગાંધીએ ખડગેના અપમાનનો ઉઠાવ્યો મુદ્દો

## અસ્પૃશ્યતાને પ્રોત્સાહન આપવું એ ગુનો છે, પીએમએ FIR નો આદેશ આપવો જોઈએ



નવીદિલ્હી, તા. ૨૯

કોંગ્રેસના સાંસદ અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ શનિવારે દલિતોના અપમાનનો મુદ્દો ઉઠાવવા માટે એક પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. કેન્દ્ર સરકાર પર નિશાન સાધતા તેમણે કહ્યું હતું કે દેશમાં દરેક જગ્યાએ દલિતોનું અપમાન થઈ રહ્યું છે. ઉત્તરાખંડમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેનું અપમાન થયું. અમે માંગ કરીએ છીએ કે પીએમ મોદી એસસી-એસટી એક્ટ હેઠળ એફઆઈઆર નોંધવાનો આદેશ આપે. રાયબરેલીના સાંસદે કહ્યું, ''રાજસ્થાનમાં, અમારા સીએલપી નેતાઓ મંદિરોમાં જાય છે, અને ભાજપના નેતાઓ 'શુદ્ધિકરણ' વિધિ કરે છે. કોંગ્રેસ પ્રમુખ ખડગે, જેમણે પોતાનું આખું જીવન દેશ અને બંધારણને સમર્પિત કર્યું છે, તેઓ હલ્દવાનીના રામલીલા મેદાનમાં ભાષણ આપવા જાય છે, અને શુદ્ધિકરણ વિધિ ત્યાં પણ કરવામાં આવે છે. આ કોણ કરે છે? તે ભાજપ અને આરએસએસ છે.

ભારતીય બંધારણ હેઠળ, આ એક ગુનો છે, એક ગુનાહિત કૃત્ય છે. શુદ્ધિકરણ એ અસ્પૃશ્યતાનું બીજું નામ છે. અસ્પૃશ્યતાને ગેરકાયદેસર જાહેર કરવામાં આવ્યું છે, છતાં ભાજપના સભ્યો ખુલ્લેઆમ તેનો અભ્યાસ કરે છે.'' કોંગ્રેસના ભૂતપૂર્વ અધ્યક્ષે કહ્યું કે આ વિધિ સૂચવે છે કે દલિતો અશુદ્ધ છે અને તેમને સ્પર્શ ન કરવો જોઈએ. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ દિલ્હીના ઇન્દિરા ભવન ખાતે પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. તેમણે કહ્યું હતું કે, ''દેશમાં બે વિચારધારાઓ વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે. આ બંધારણ અને આરએસએસની વિચારધારા વચ્ચે યુદ્ધ છે. દલિત બાળકોને એકસાથે બાથરૂમનો ઉપયોગ કરવા અને ફ્લોર સાફ કરવા માટે મજબૂર કરવામાં આવે છે. આનાથી બીજા બાળકો પર શું અસર પડશે? એક બાળક તે કરી રહ્યું છે, અને બીજા તેમને તે કરતા જોઈ રહ્યા છે.''

રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, ''અમે માંગ કરીએ છીએ કે શુદ્ધિકરણ કરનારાઓ સામે શક્ય તેટલી વહેલી તકે એફઆઈઆર દાખલ કરવામાં આવે. વડા પ્રધાને કહ્યું છે કે તેઓ બધી જાતિના છે. ઉત્તરાખંડમાં તેમના પક્ષના વડાએ દાવો કર્યો હતો કે શુદ્ધિકરણ યોગ્ય કાર્ય હતું. અમે ઇચ્છીએ છીએ કે પીએમ એસસી/એસટી એક્ટ હેઠળ એફઆઈઆર દાખલ કરવાનો આદેશ આપે. આ ભાજપ અને આરએસએસની વિચારસરણી દર્શાવે છે. તેઓ ઇચ્છતા નથી કે કોઈપણ દલિત સમૃદ્ધ થાય અને સન્માન સાથે જીવે. અમે કંઈપણ અશક્ય માંગ કરી રહ્યા નથી.''

રાહુલે કહ્યું, ''દેશમાં બે વિચારધારાઓ વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે. એક તરફ ભારતનું બંધારણ છે. આંબેડકર, ગાંધી, જવાહરલાલ નેહરુ અને સરદાર પટેલનું બંધારણ છે. બીજી તરફ ભાજપ અને આરએસએસની વિચારધારા છે. ભારતમાં હાલમાં જે રાજકારણ ચાલી રહ્યું છે.'' તે આ બે વિચારધારાઓ વચ્ચે છે.'' રાહુલે કહ્યું, ''બંધારણીય રક્ષણ હોવા છતાં, દલિતો ભેદભાવનો સામનો કરી રહ્યા છે. આ દેશમાં હજારો વર્ષોથી દલિતો પર જુલમ અને હિંસા થઈ રહી છે.

# હિમાલયમાં પૂર-ભૂસ્ખલન કેમ વધ્યા?

## આબોહવા પરિવર્તન ઉપરાંત, અન્ય પાંચ પરિબળો પણ જવાબદાર



નવીદિલ્હી, તા.૨૯

નેપાળમાં તાજેતરમાં આવેલા પૂર અને ભૂસ્ખલનથી હિમાલય ક્ષેત્રની નાજુક સ્થિતિ ફરી એકવાર ઉજાગર થઈ છે. દરમિયાન, એક નવા વૈજ્ઞાનિક અભ્યાસે ખતરાના લેન્ડસ્કેપને વધુ ગહન બનાવ્યો છે. વૈજ્ઞાનિકો કહે છે કે હિન્દુ કુશ-હિમાલય ક્ષેત્રમાં પૂર, ભૂસ્ખલન અને ભારે વરસાદ જેવી ભારે હવામાન ઘટનાઓ વધી રહી છે. ઝડપથી પીગળતા હિમનદીઓ, હિમનદી તળાવોને અસ્થિર બનાવતા અને બદલાતા વરસાદના પેટર્ને આ ખતરાને વધુ વધાર્યો છે. દૂન યુનિવર્સિટીના વરિષ્ઠ વૈજ્ઞાનિક વાય.પી. સુંદરિયાલ, વીર ચંદ્ર સિંહ ગઢવાલી ઉત્તરાખંડ બાગાયત અને વનીકરણ યુનિવર્સિટીના ડો. એસ.પી. સતી અને નિવૃત્ત ઇસરોના વૈજ્ઞાનિક નવીન જુયાલ દ્વારા હાથ ધરવામાં આવેલા આ અભ્યાસમાં સ્પષ્ટપણે જણાવાયું છે કે તાજેતરના વર્ષોમાં ચોમાસા દરમિયાન ભારે હવામાન ઘટનાઓની આવર્તન અને તીવ્રતા બંનેમાં વધારો થયો છે.

પ્રમાણમાં શુષ્ક ઉત્તરપશ્ચિમ હિમાલય ક્ષેત્રમાં પણ ૨૦૧૦ થી વિનાશક પૂર જોવા મળ્યું છે. જો કે, વૈજ્ઞાનિકો તરફથી સૌથી મહત્વપૂર્ણ ચેતવણી એ છે કે દરેક હિમાલય આપત્તિ માટે આબોહવા પરિવર્તનને દોષી ઠેરવવું એ વાસ્તવિક સમસ્યાથી ધ્યાન ભટકાવવા જેવું છે. કેદારનાથ (૨૦૧૩), ગ્યા તળાવ (૨૦૧૪), ઋષિગંગા (૨૦૨૧), દક્ષિણ લોનાક તળાવ (૨૦૨૩), અને બિયાસ નદી, ધારાલી-થરાલી અને કિશ્તવાડમાં ૨૦૨૫માં થયેલી આફતોનો ઉલ્લેખ કરીને, સંશોધકોએ હિમાલયની નાજુકતા પર પ્રકાશ પાડ્યો છે. ચાલો આબોહવા પરિવર્તન ઉપરાંત પાંચ મુખ્ય પરિબળોનું અન્વેષણ કરીએ જે હિમાલયમાં વધતા પૂર અને ભૂસ્ખલન માટે જવાબદાર છે.

વૈશ્વિક તાપમાનમાં વધારો હિમાલયના હિમનદીઓ ઝડપથી પીગળી રહ્યો છે. આ પીગળતો બરફ ફક્ત નદીઓમાં પાણીના પ્રવાહને જ વિક્ષેપિત કરી રહ્યો નથી પરંતુ ઊંચાઈવાળા વિસ્તારોમાં સંચિત કાટમાળ અને ખડકોને પણ અસ્થિર બનાવી રહ્યો છે. જેમ જેમ હિમનદીઓ સંકોચાય છે, તેમની આસપાસની જમીન નબળી પડે છે, જેના કારણે ભૂસ્ખલન અને ભૂસ્ખલન જેવી અચાનક ઘટનાઓ બને છે. હિમનદીઓ પીગળવાથી બનેલા હિમનદી તળાવો સંખ્યા અને કદ બંનેમાં વધી રહ્યા છે. આ તળાવો ઘણીવાર બરફ અને કાટમાળના નાજુક બંધો દ્વારા ટેકો આપે છે જે કોઈપણ ક્ષણે ફાટી શકે છે. સિક્કિમમાં દક્ષિણ લોનાક તળાવનું ૨૦૨૩માં ફાટવું એ એક મુખ્ય ઉદાહરણ છે. જ્યારે આવા તળાવો અચાનક ફાટી જાય છે, ત્યારે નીચેની ખીણોમાં ભારે માત્રામાં પાણી, ખડકો અને કાટમાળ તબાહી મચાવે છે.

વૈજ્ઞાનિકોના મતે, વધતા તાપમાનને કારણે, હવે ઊંચાઈવાળા વિસ્તારોમાં બરફવર્ષાનું સ્થાન વરસાદ લઈ રહ્યો છે. આનાથી પર્વતીય ઢોળાવ પર એકઠા થયેલા કાટમાળ વધુ અસ્થિર બને છે અને ભારે વરસાદ દરમિયાન સરળતાથી ધોવાઈ જાય છે. અભ્યાસમાં એ પણ બહાર આવ્યું છે કે ઘણા મોટા અને વિનાશક પૂર મુખ્ય નદીઓમાંથી નહીં, પરંતુ નાના હિમનદીઓ અને વરસાદ આધારિત પ્રવાહોમાંથી ઉદ્ભવે છે, જે સાંકડી ખીણોમાં તબાહી મચાવી શકે છે.

# શબ્દ બ્રહ્મ

### સદગુરૂ કૃપા હી કેવલમ્...

## શીર્ષક-વાંચન વિશેષ

### ભૌમ અને દિવ્ય,એ નાગનાં બે પ્રાકાર છે, અને પુરાણોમાં એની આઠ પ્રજાતિનો ઉલ્લેખ છે.



શ્રાવણ ભક્તિની તેજ ગતિએ આગળ વધી રહ્યો છે,અને તહેવારો ઉજવાઈ રહ્યાં છે. શિવાલયોમાં,

મહિમ્નઃ પારં તે પરમવિદુષો યદ્યસદશી,
સ્તુતિર્બ્રહ્માદીનામપિ તદવસન્નાસ્ત્વયિ ગિરઃ,
અથાડવાચ્યઃ સર્વઃસ્વમતિપરિણામાવધિ, ગૃણન્
મમાપ્યેષ સ્તોત્રે હર નિરપવાદઃ પરિકરઃ
૫ ૧

નમામિ શમિસાન નિર્વાણ રૂપં , વિભુ વ્યાપકમં બ્રહ્મ વેદ સ્વરૂપં, ૐ નમો ભવાય શર્વાય, રુદ્રાય વરદાય ચ, પશુનામ પતયે નિત્યં, ઉગ્રાય ચ, કપર્દિને,આશુતોષ શશાંક શેખર ચન્દ્ર મૌલી ચિદંબરા, કોટી કોટી પ્રણામ શમ્ભુ કોટી નમન દિગમ્બરા. તેમજ શંભુ ચરણે પડી માગું ઘડી રે ઘડી, અને સત સૃષ્ટિ તાંડવ રચયિતા નટરાજ રાજ નમો નમઃ, જેવી શિવ સ્તુતિ ભક્તને ભક્તિ સભર કરે છે. શ્રાવણ વદ પાંચમને નાગ પંચમીનો તહેવાર આવશે. ભારતીય સંસ્કૃતિ મુજબ પ્રકૃતિના એકોએક જીવનું મહત્વ છે, અને એ રીતે ઝેરીલો સર્પ પણ ઈશ્વર અંશ છે, એ દર્શાવતું પર્વ એટલે નાગ પંચમી.

હવે નાગ પંચમી આવશે, હાલ સમાજમાં પારિવારિક સંબંધોમાં આ સર્પ, નાગ, કે ભુજંગ નું ઝેર કેમ પ્રવેશી જાય છે! એની પર વિચારતી. તો થયું આજે નાગ વિશે જ ચિંતન કરીએ,અને આમ પણ શંકરનું તો તે પ્રિય આભૂષણ રહ્યું છે, માટે નાગ વિશે થોડી માહિતી અહીં રજૂ કરી છે

નાગના પ્રકાર

આમ તો પૃથ્વી પર નાગની સંખ્યાબંધ પ્રજાતિ છે, પરંતુ પૌરાણિક માન્યતા અનુસાર નાગના બે મુખ્ય પ્રકાર ભૌમ અને દિવ્ય છે. તેમાં વાસુકી અને તક્ષકની પણ ગણતરી થાય છે.

'' આ ઉપરાંત ૮ પ્રજાતિને નાગના દેવ, એટલે તમામ નાગમાં તેને શ્રેષ્ઠ માનવામાં આવે છે. તેમાં વાસુકી, તક્ષક, શંખ, અનંત, પદ્મ, મહાપદ્મ, કુલીર અને કર્કટ શામેલ છે,

'' આ આઠ પ્રજાતિને વર્ણ અનુસાર પણ વિભાજિત કરવામાં આવી છે. તેમાં અનંત અને કુલિક બ્રાહ્મણ, વાસુકી અને શંખપાલ ક્ષત્રિય, તક્ષક અને મહાપદ્મ વૈશ્ય તેમજ પદ્મ અને કર્કટ શુદ્ર હોવાનું માનવામાં આવે છે.

સાપ એક એવો જીવ છે જેને જોઈને ડર પણ લાગે છે, અને મનમાં જિજ્ઞાશા પણ થાય છે કે આખરે આની ઉત્પત્તિ કેવી રીતે થઈ હશે. સાપની ઉત્પત્તિ પાછળ એક રસપ્રદ પૌરાણિક કથા છે. મહાભારતમાં આ કથાનો ઉલ્લેખ મળે છે. કથા મુજબ મહર્ષિ કશ્યપે રાજા દક્ષ પ્રજાપતિની ૧૭ પુત્રીઓ સાથે લગ્ન કર્યાં હતાં. પરંતુ આ બધીમાંથી મહર્ષિને કદ્રૂ અને વિનતા સૌથી વધુ પસંદ હતી. એક વખત મહર્ષિએ બંનેને વરદાન માંગવા કહ્યું. કદ્રૂ અને વિનતાએ શું માગ્યું અને સાપોની ઉત્પત્તિ કેવી રીતે થઈ

કદ્રૂએ કહ્યું, 'મહર્ષિ હું એક હજાર પરાક્રમી અને શક્તિશાળી પુત્રોની મા બનવા માગું છું' જ્યારે વિનતાને આ વાત જાણવા મળી તો તેણે વરદાન માંગ્યું કે, 'સ્વામી મને તો એક જ પુત્ર જોઈએ, પણ તે એટલો શક્તિશાળી હોવો જોઈએ કે કદ્રૂના તમામ પુત્રોનો નાશ કરી શકે.' મહર્ષિએ બંને પત્નીઓને એમની ઈચ્છા મુજબ વરદાન આપી દીધાં. જેના ફળસ્વરૂપ કદ્રૂએ એક હજાર ઈંડા આપ્યા અને વિનતાએ ગરુડને જન્મ આપ્યો. કદ્રૂના ઈંડામાંથી સાપ નીકળ્યા અને આ રીતે સર્પવંશની ઉત્પત્તિ થઈ, અને આ વરદાન ને કારણે જ સર્પ અને ગરુડ ને વેર છે.

કદ્રૂના પુત્રોમાં શેષનાગ સૌથી વધુ તાકાતવર હતો. પરંતુ એણે પોતાની મા કદ્રૂ અને પોતાના ભાઈઓનો સાથ છોડી દીધો. શેષનાગે બ્રહ્માજીની કઠોર તપસ્યા કરી. બ્રહ્માજીએ પ્રસન્ન થઈને એને એક વરદાન માંગવા કહ્યું તો શેષનાગે કહ્યું કે પ્રભુ મારી બુદ્ધિ, ધર્મ, અને તપસ્યામાં જ બની રહે, બસ મારે આ જ જોઈએ છે. ત્યારે બ્રહ્માજીએ શેષનાગને સંપૂર્ણ ધરતીને પોતાના ફણ પર ધારણ કરવા કહ્યું. ત્યારથી જ માનવામાં આવે છે કે આ ધરતી શેષનાગના ફણ પર ટકી છે.

તક્ષકને પાતાળમાં નિવાસ કરતા ૮ નાગમાંથી એક માનવામાં આવે છે. પુરાણોમાં જણાવવામાં આવ્યું છે કે શ્રૃંગી ઋષિના શ્રાપના કારણે તક્ષકે રાજા પરીક્ષિતને દંસ માર્યો હતો, જેનાથી એનું મૃત્યુ થયું હતું. પરીક્ષિતના પુત્ર જનમેજયે બદલો લેવા માટે સર્પ મેઘ યજ્ઞ કર્યો તો તક્ષક ડરીને ઈન્દ્રના શરણોમાં ચાલ્યો ગયો હતો.

કાળિયા નાગ વિશે તો તમે બધા જાણતા જ હશો. યમુના નદીમાં પોતાની પત્નીઓ સાથે વાસ કરતા કાળિયા નાગને યુદ્ધમાં હરાવી ભગવાન કૃષ્ણએ એમના ફણ પર નૃત્ય કર્યું હતું. કાળિયા નાગની વિનંતી પર ભગવાન કૃષ્ણએ એને ક્ષમા આપી બીજે સ્થળે વસવા માટે કહ્યું હતું.

પૃથ્વીલોક જેમ જ પાતાળલોક પણ અસ્તિત્વમાં હતો, અને ત્યારે ત્યાં નાગનું અનુશાસન હતું, એટલે કે નાગ એક એવી પ્રજાતિ છે, જે ઇચ્છે ત્યારે મનુષ્ય શરીર પણ ધારણ કરી શકે. આપણે ત્યાં વેદ પુરાણ અને શાસ્ત્રોમાં નાગનું ખૂબ જ મહત્વ દર્શાવાયું છે અને તેના વર્ણનો પણ પુષ્કળ મળે છે, જેની માહિતી આપણે ઉપર જોયું તે પ્રમાણે, ત્યાં નાગ નેં એક દેવ તરીકે પણ પૂજવામાં આવે છે, જેથી આપણે નાગ પંચમી જેવો તહેવાર પણ ઉજવીએ છીએ. તો આ છે શિવજીના આભૂષણ તરીકે આપણે જેને નિત્ય દર્શન કરીએ છીએ કે આપણી આ ધરતી જેના પર ટકી રહી છે તેના પૂર્વજોનો ઈતિહાસ.

આજે સમાજમાં સંબંધો એટલા પ્રેમાળ રહ્યાં નથી, અને લોકો કળિયુગ ને નામે બિલ ફાડી રહ્યા છે! પરંતુ હકીકતમાં અહમ નામનાં સર્પનો ફૂફાડો સતત વર્તાતો હોવાથી, અંદરોઅંદરના વ્યવહારમાં ઝેર વર્તાય છે,અને એને કારણે માનવ માનવતા ભૂલતો જાય છે.આ કળિયુગ ચાલ્યો જાય એ માટે આપણે આપણી માનસિકતા બદલવી પડે, પણ એ માટે આપણે તૈયાર નથી. એક નાનકડું ઉદાહરણ જોઈએ સાઇકલ દ્વારા નિશ્ચિત સ્થળે પહોંચવું હોય તો, સાયકલ ચલાવવી પડે, આ એક સીધું સાદું સૌ કોઈ સમજી શકે એવું સત્ય છે. પણ જે તે વ્યક્તિ સાયકલ દોરીને જાય, તો સાયકલ તો ચાલશે, પણ વ્યક્તિને ચલાવવાનો થાક લાગે છે, ઉપરથી સમયે નિશ્ચિત મુકામે પહોંચી શકાતું નથી. બસ આપણી જીદ કે કોઈ પ્રત્યેનાં પૂર્વાગ્રહ કે પછી અન્ય કોઈ સ્વભાવના વિકારને 'ન' બદલી શકવાને કારણે આટલું દોડવા છતાં આપણે ત્યાં ને ત્યાં જ ઉભા છીએ.

નાગ એટલે કે સર્પ, પણ આજે પોતાનાં ડંખ ભૂલતા જાય છે, કારણ કે આ કામ હવે મનુષ્ય કરવાં લાગ્યો છે. વગર કારણે તો આમ પણ તે કોઈને, હેરાન ન કરનારું પ્રાણી છે. તો મનુષ્ય તેનો આ સ્વભાવ ગ્રહણ કરીને શ્રાવણે શિવ શંકરનો મહિમા, આ નાગ લોકના સૌથી શક્તિશાળી નાગ એટલે કે શેષનાગની જેમ જાગૃત રહી, સંબંધોમાં પ્રવેશી ગયેલા ઈર્ષા, નિંદા વેર, હિંસા જેવા વિષને શંકરનાં આભૂષણ સમા ભુજંગને અર્પણ કરીને શિવ શંકરને પ્રસન્ન કરીએ. ૐ નમઃ શિવાય.

લી. ફાલ્ગુની વસાવડા. (ભાવનગર)

### સભ્યો પ્રત્યે આદરનો અભાવ એ વ્યવસાય માટે ખરાબ સંકેત : બારે એક થવું જોઈએ અને ન્યાયિક પ્રણાલીમાં સુધારો કરવો જોઈએ

# બાર કાઉન્સિલે નૈતિકતા પર આત્મનિરીક્ષણ જરૂરી : જસ્ટિસ નાગરથના



નવીદિલ્હી, તા. ૨૯

દિલ્હી સ્થિત નેશનલ લો યુનિવર્સિટીના ૧૩મા દીક્ષાંત સમારોહમાં બોલતા, જસ્ટિસ નાગરત્ને કહ્યું કે બાર કાઉન્સિલે વ્યાવસાયિક નૈતિકતા, નૈતિકતા અને યોગ્યતા જાળવવામાં પોતાની ભૂમિકા પર આત્મનિરીક્ષણ કરવું જોઈએ. તેમણે ઉમેર્યું કે ભલે તે સેન્ટ્રલ બાર કાઉન્સિલ હોય કે સ્ટેટ બાર કાઉન્સિલ, તેમણે વ્યાવસાયિક નૈતિકતા, નૈતિકતા અને વ્યાવસાયિક યોગ્યતા જાળવવામાં પોતાની ભૂમિકા અને મહત્વ પર આત્મનિરીક્ષણ કરવું જોઈએ. જ્યારે બાર કાઉન્સિલમાં તેના સભ્યોનો આદર ન હોય, ત્યારે તે કાનૂની વ્યવસાય માટે સારું સંકેત નથી. દિલ્હી હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ દેવેન્દ્ર કુમાર ઉપાધ્યાય, જે યુનિવર્સિટીના કુલપતિ પણ છે, આ પ્રસંગે હાજર હતા. દિલ્હી હાઈકોર્ટના ન્યાયાધીશ અને કુલપતિ પ્રો. જી.એસ. બાજપાઈ પણ ન્યાયાધીશ અને કુલપતિ હતા. બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (ઈઈઈ) ના ચેરમેન મનન કુમાર મિશ્રાને લગતા વિવાદના થોડા અઠવાડિયા પછી જ તેમની ટિપ્પણી આવી હતી. ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતને તેમના દીક્ષાંત સમારોહમાં આમંત્રણ આપવા સામે આ વિદ્યાર્થીઓએ વાંધો ઉઠાવ્યા બાદ મિશ્રાએ રાજ્ય બાર કાઉન્સિલોને નાલસાર, હૈદરાબાદના ૨૦૨૬ બેચના સ્નાતક વિદ્યાર્થી ઓને વકીલ તરીકે નોંધણી ન કરાવવાનો નિર્દેશ આપ્યો હતો.

નાગરત્નાએ કહ્યું કે ભારતીય બારે એક થવું જોઈએ અને ભારતમાં ન્યાય વ્યવસ્થા કેવી રીતે જાળવી શકાય તેની ચર્ચા કરવી જોઈએ, કારણ કે આ વ્યવસ્થા બેકલોગ, વિલંબ, વધતા ખર્ચ અને અનિશ્ચિતતા જેવી સમસ્યાઓથી ઘેરાયેલી છે. બારની સ્વતંત્રતા અંગે, ન્યાયાધીશ નાગરત્નાએ જણાવ્યું હતું કે બારની સ્વતંત્રતા એ વકીલોને પોતાના ફાયદા માટે આપવામાં આવેલ અધિકાર નથી. તે આવશ્યક છે કારણ કે બંધારણીય લોકશાહીમાં એવા વ્યાવસાયિકોની જરૂર હોય છે જે સરકાર, બજાર અથવા તેમના ગ્રાહકોની પરવાનગી લીધા વિના સલાહ આપી શકે, ચર્ચા કરી શકે, પડકાર આપી શકે અને પ્રતિનિધિત્વ કરી શકે.

તેમણે ચેતવણી પણ આપી હતી કે બાર દ્વારા કરવામાં આવતી કોઈપણ ભૂલ કે ભૂલ આપણા રાજકીય અને નાગરિક જીવન પર ઊંડી અસર કરશે. તેમણે વકીલોને અપીલ કરી હતી કે ''તેમની માનસિકતા બદલો અને તેમના ગ્રાહકો માટે જાહેર સેવાની ભાવના સાથે કામ કરો, નહીં તો ભવિષ્યમાં તેમનું મૂલ્ય ખોવાઈ શકે છે.''

કાનૂની વ્યવસાય અંગે, તેમણે કહ્યું કે તે ફક્ત નોકરી કે વ્યવસાય નથી, પરંતુ વિશ્વાસનો વ્યવસાય છે, અને વકીલ ફક્ત એવા વ્યક્તિ ન હોઈ શકે જે કાયદાકીય માહિતી વેચે છે. તેમણે તેમના ભાષણનો અંત એ નોંધીને કર્યો કે સ્નાતક બેચ હવે કોર્ટના અધિકારીઓ અને બંધારણના રક્ષકો તરીકે સંસ્થા છોડી રહી છે. દિલ્હી સ્થિત નેશનલ લો યુનિવર્સિટીના દીક્ષાંત સમારોહમાં, જસ્ટિસ નાગરત્ને બાર કાઉન્સિલોને વ્યાવસાયિક નીતિશાસ્ત્ર અને યોગ્યતા પર આત્મનિરીક્ષણ કરવા વિનંતી કરી.

### જૂગારની મોસમ છલકે છે : રાજકોટ ગ્રામ્ય પોલીસના વધુ દરોડા

# જૂગટુ રમવા બેઠેલા ૨૩ પોલીસના મહેમાન

## ખોડાપીપર, પારડી, કાંગશીયાળીમાં રૂરલ પોલીસે ત્રાટકી રોકડ-ગંજીપાના કબ્જે કર્યા



રાજકોટ તા. ૨૯

જૂગારના દરોડાનો દોર યથાવત રહ્યો હતો. રાજકોટ જીલ્લામાં અલગ અલગ ગામો શહેરોમાં પોલીસે દરોડા પાડ્યા હતાં. જેમાંપડધરીના ખોડાપીપર અને શાપર વેરાવળના પારડી તથા કાંગશીયાળીમાં પોલીસે જુગારના ત્રણ દરોડા પાડી ત્રેવીસ પત્તાપ્રેમીઓને પકડી કાર્યવાહી કરી હતી.

વિગતો પર નજર કરીએ તો પ્રથમ દરોડામાં પડધરી પોલીસે ખોડાપીપર ગામની સીમ ભીમતા માતાના મંદિરની પાસે ખરાબામાં રેઇડ કરી જુગાર રમતા (૧) રાજેશ નાથાભાઈ પીપળીયા ધંધો ખેતી રહે.ખોડાપીપર , (૨) દીનેશ વરજાંગભાઈ હરણ ધંધો માલઢોરનો રહે.થોરીયાડી ગામે તા.પડધરી (૩) અનીલ અમરશીભાઈ પીપળીયા ધંધો ખેતી રહે.ખોડાપીપર (૪) વિપુલ મોહનભાઇ ઘરસોંદીયા ધંધો ખેતી રહે.ખોડાપીપર, (૫) રવી દીનેશભાઇ નસીત ધંધો ખેતી રહે.થોરીયાળી ગામ, (૬) નરેન્દ્ર ઉર્ફે બીલુ મગનભાઈ શિંગાળા ધંધો ખેતી રહે.થોરીયાળી ગામ (૭) નવનીત પ્રેમજીભાઈ પીપળીયા ધંધો ખેતી રહે. ખોડાપીપર ગામ તથા (૮) પ્રવીણ ભીખાભાઈ ચભાડીયા ધંધો ખેતી રહે. લતીપર તા.ધ્રોલને રોકડા રૂ.૩૬,૨૦૦ તથા ગંજીપતા સાથે ઝડપી લીધા હતા.

બીજા દરોડામાં શાપર-વેરાવળ પોલીસે કાંગસીયાળી ગામની સીમ કલ્પવન સોસાયટી ખાતે રહેણાંક મકાનમાં ચાલતા જુગાર અખાડા પર રેઇડ કરી જુગાર રમતા મકાન માલીક (૧) ભાર્ગવ રાજેશભાઇ ડેડકીયા રહે.કાંગશીયાળી, કલ્પવન સોસા, એપ્લાન્ટીસ હાઇટસ (૨) દીપ ગોપાલભાઇ મારડીયા રહે. કાંગશીયાળી, કલ્પવન સોસા, એપ્લાન્ટીસ હાઇટસ એ-વીંગ, બ્લોક નં.૧૨૦૩ , (૩) મયુર કાન્તીભાઇ ઘોડાસરા રહે.કાંગશીયાળી, કલ્પવન સોસા, એપ્લાન્ટીસ હાઇટસ એ-વીંગ, બ્લોક નં.૪૦૪ ,(૪) જયેશ ચંદુભાઇ કાલરીયા રહે.કાંગશીયાળી, કલ્પવન સોસા, એપ્લાન્ટીસ હાઇટસ, (૫) નીકુંજ ચીમનભાઇ ટાંક રહે.કાંગશીયાળી, કલ્પવન સોસા, એપ્લાન્ટીસ હાઇટસ, (૬) ધવલ કાન્તીભાઇ દેલવાડીયા રહે. કાંગશીયાળી, કલ્પવન સોસા, એપ્લાન્ટીસ હાઇટસ (૭) કીશન મનસુખભાઇ બુટાણી રહે.કાંગશીયાળી, કલ્પવન સોસા, (૮) ચિરાગ દિનેશભાઇ પરમાર રહે. કાંગશીયાળી, કલ્પવન સોસા, એપ્લાન્ટીસ હાઇટસ તથા (૯) ભાવિન વીનુભાઇ આંબલીયાળા રહે.કાંગશીયાળી, કલ્પવન સોસા, એપ્લાન્ટીસ હાઇટસને રોકડા રૂ.૨૩,૭૬૦/- મોબાઇલ ફોન કી.રૂ.૧૫,૦૦૦/- તથા ગંજીપતાના મળી કુલ કિ.રૂ.૩૮,૭૬૦/- ના મુદામાલ સાથે ઝડપી લીધા હતા.

ત્રીજા દરોડામાં બીજા દરોડોમાં શાપર-વેરાવળ પોલીસે પારડી પડવલા રોડ વેલનાથ સોસાયટી ખાતે રેઇડ કરી જાહેરમાં જૂગાર રમતાં (૧) રોહીત વાલજીભાઇ રાઠોડ રહે. પારડી વેલનાથ સોસા. (૨) સુજલ વજુભાઇ વેગડા રહે. પારડી, સહજાનંદ સોસા., (૩) અનીલ પ્રેમજીભાઇ ભાસ્કર રહે. પારડી વેલનાથા સોસા. (૪) ભૌતિક નરશીભાઇ પરમાર રહે. પારડી સત્ય પાર્ક, સોસા. શેરી નં. ૧, (૫) રાજેશ દેવજીભાઇ ભાસ્કર રહે. પારડી સહજાનંદ સોસા. શેરી નં. ૩, (૬) મિલન જીતેન્દ્રભાઇ બાબરીયા રહે. પારડીને રોકડ રૂપિયા ૧૫.૩૯ ગંજીપતા તથા મો. ફોન નંગ ૫, કિ. રૂા. ૨૫,૦૦૦ મળી કુલ રૂા. ૪૦,૩૯૦ ના મુદામાલ સાથે ઝડપી લીધા હતાં. આ કાર્યવાહી શાપર (વે) પો.સ્ટે.ના પીઆઇ આર.બી.રાણા, પીએસઆઇ વી.જી.જેઠવા, એએસઆઇ ડી.આર. સરવૈયા, એચસી દિનેશભાઇ ખાટરીયા તથા એચસી પ્રતીપાલસીંહ રાણા તથા પીસી મનસુખભાઇ ચૌહાણ તથા પીસી દિવ્યેશભાઇ શામળા નાઓ દ્વારા કરવામાં આવી હતી. આમ વધુ ત્રેવીસ જૂગાર રસીકો પોલીસ મથકના મહેમાન બન્યા હતાં.

# મુંદ્રાથી એર ટેક્સી સેવાનો પ્રારંભ

## રાજકોટ, જામનગર અને દીવ વચ્ચે શરૂ થઈ મિની ફ્લાઈટ




રાજકોટ, તા. ૨૯

કચ્છના મુંદ્રા એરપોર્ટ ટર્મિનલથી હવાઈ સેવા ક્ષેત્રે ઝડપી વિકાસ જોવા મળી રહ્યો છે. મુંદ્રા અને અમદાવાદ વચ્ચે સ્ટાર એર દ્વારા સીધી ઉડ્ડયન સેવાનો આરંભ થવાની સાથે જ હવે સૌરાષ્ટ્રના મુસાફરો માટે વધુ એક 'એર ટેક્સી' (મિની ફ્લાઇટ) સેવાનો પણ શુભારંભ કરવામાં આવ્યો છે. આ નવી એર ટેક્સી હવે મુંદ્રાથી રાજકોટ, જામનગર અને કેન્દ્રશાસિત પ્રદેશ દીવ વચ્ચે ઉડાન ભરશે.

અગાઉ મુંદ્રાથી અમદાવાદ વચ્ચે જે લાંબા સમયથી ચાર સીટર મિની ફ્લાઇટ ચાલતી હતી તે હવે બંધ કરવામાં આવી છે. તેના સ્થાને મુંદ્રા-અમદાવાદ વચ્ચે સ્ટાર એરની મોટી ફ્લાઇટ શરૂ થઈ ચૂકી છે. તેથી, આ ૪ સીટર એર ટેક્સીને હવે મુંદ્રાથી રાજકોટ, જામનગર અને દીવના રૂટ પર ડાયવર્ટ કરવામાં આવી છે. રક્ષાબંધનના પવિત્ર તહેવારથી આ નવી સેવાની શરૂઆત થઈ ગઈ છે.

એર ટેક્સી કંપની દ્વારા રાજકોટ સેવાનું ઓનલાઈન બુકિંગ પણ શરૂ કરી દેવામાં આવ્યું છે. આ હવાઈ સેવા સપ્તાહમાં ૪ દિવસ એટલે કે સોમ, ગુરુ, શુક્ર અને શનિવારે ઓપરેટ થશે. સૌથી આકર્ષક બાબત એ છે કે આ સેવામાં રાજકોટ-મુંદ્રા વચ્ચેનું હવાઈ ભાડું પ્રતિ મુસાફર માત્ર રૂ. ૫૦૦ રાખવામાં આવ્યું છે. એર ટેક્સીના અધિકારીઓના જણાવ્યા મુજબ, આ ચાર સીટર વિમાનમાં હાલમાં વ્યવસ્થાના ભાગરૂપે માત્ર બે જ મુસાફરોને લઈ જવાની સુવિધા છે.

સંબંધિતોએ જાહેર કરેલા એર ટેક્સીના ઉડ્ડયન શિડ્યુલ (સમયપત્રક) પર નજર કરીયે તો શુક્રવાર અને શનિવારનો કાર્યક્રમમાં સવારે ૮:૩૫ કલાકે મુંદ્રાથી ટેક-ઓફ થઈ ૯:૩૧ કલાકે રાજકોટ પહોંચશે.રાજકોટથી સવારે ૯:૪૫ કલાકે ઊપડી ૧૦:૨૫ કલાકે મુંદ્રા પહોંચશે. મુંદ્રાથી સવારે ૧૦:૪૬ કલાકે ટેક-ઓફ થઈ બપોરે ૧૨:૧૫ કલાકે દીવ લેન્ડ થશે. દીવથી બપોરે ૧૨:૩૫ કલાકે ઊપડી ૨:૦૪ કલાકે મુંદ્રા પરત ફરશે. મુંદ્રાથી બપોરે ૨:૨૪ કલાકે ઊપડી ૩:૧૦ કલાકે ફરી રાજકોટ પહોંચશે. તેમજ રાજકોટથી બપોરે ૩:૩૦ કલાકે ટેક-ઓફ થઈ ૪:૧૫ કલાકે મુંદ્રા પહોંચશે.

જ્યારે સોમવાર અને મંગળવારનો કાર્યક્રમમાં સવારે ૮:૩૫ કલાકે મુંદ્રાથી ઊપડી ૮:૫૧ કલાકે જામનગર પહોંચશે. જામનગરથી સવારે ૯:૧૧ કલાકે ઊપડી ૯:૨૫ કલાકે મુંદ્રા પરત ફરશે. મુંદ્રાથી સવારે ૯:૪૬ કલાકે ઊપડી ૧૦:૩૨ કલાકે રાજકોટ ઉતરશે. મુંદ્રાથી ૧૧:૫૮ કલાકે ટેક-ઓફ થઈ બપોરે ૧:૨૫ કલાકે દીવ પહોંચશે. દીવથી બપોરે ૧:૪૬ કલાકે ઊપડી ૩:૫૫ કલાકે મુંદ્રા પહોંચશે.મુંદ્રાથી બપોરે ૩:૩૫ કલાકે ટેક-ઓફ થઈ ૩:૫૧ કલાકે જામનગર લેન્ડ થશે.અને જામનગરથી સાંજે ૪:૧૫ કલાકે ઊપડી ૪:૨૬ કલાકે મુંદ્રા પહોંચશે.

વેપાર, ઉદ્યોગ અને પ્રવાસનને મોટો ફાયદો

આ નવી હવાઈ સેવાથી સૌરાષ્ટ્રના ઉદ્યોગકારો અને બિઝનેસમેનોને ખૂબ મોટો ફાયદો થવાનો છે. ખાસ કરીને મોરબીના સિરામિક ઉદ્યોગકારોને મુંદ્રા પોર્ટ સુધી પહોંચવા માટે સમયની મોટી બચત થશે અને વેપાર-ઉદ્યોગને વેગ મળશે. આ ઉપરાંત, દીવ જતા પ્રવાસીઓ માટે પણ આ હવાઈ સેવા આશીર્વાદરૂપ સાબિત થશે. અત્રે ઉલ્લેખનીય છે કે, હાલમાં રાજ્યની આંતર-જિલ્લા હવાઈ સેવામાં વેન્ચુરા એર કનેક્ટનું રાજકોટ-સુરત વચ્ચે ૯ સીટર વિમાનનું દૈનિક ઉડ્ડયન પહેલેથી જ કાર્યરત છે. હવે રાજકોટ અને મુંદ્રા વચ્ચે પણ આ સસ્તી અને સમય બચાવતી એર ટેક્સી સેવા શરૂ થતાં લોકોમાં આનંદની લાગણી છવાઈ છે.

# સપ્ટેમ્બર માસમાં ખાંડની અછતના એંધાણ

## રાજ્યની ૩૫% રાશન દુકાનોમાં ખાંડ નહીં પહોંચે : ૨૫ ઓગસ્ટ પછી સરકારી ચલણ ભરનાર વેપારીઓના ચલણમાં 'ખાંડ' જનરેટ જ ન થઈ



રાજકોટ, તા. ૨૯

છેલ્લા કેટલાક સમયથી બજારમાં ખાંડના ભાવો આસમાને પહોંચ્યા છે. કાળાબજારી અને સંગ્રહખોરી અટકાવવા માટે સરકારે ખાંડ પર સ્ટોક મર્યાદા પણ લાગુ કરી છે. આ પરિસ્થિતિ વચ્ચે હવે સર્જાયેલી વહીવટી ખામીના પગલે આગામી સપ્ટેમ્બર માસમાં ગુજરાતના અસંખ્ય ગરીબ રાશન કાર્ડધારકોને ખાંડથી વંચિત રહેવું પડે તેવી નોબત આવી છે.

એફપીએસ (FPS) એસોસિએશનના મહામંત્રી હિતુભા જાડેજાના જણાવ્યા અનુસાર, વ્યાજબી ભાવના દુકાનદારોને ઓગસ્ટ માસની ૨૧ થી ૨૫ તારીખ સુધીમાં સરકારી ચલણ ભરવાની મર્યાદા આપવામાં આવી હતી. જે વેપારીઓએ આ સમયગાળામાં ચલણ ભર્યા છે, તેમના ચલણમાં ખાંડ જનરેટ થઈ છે. ત્યારબાદ નિગમ દ્વારા ચલણ ભરવાની મુદત વધારીને ૨૬ થી ૩૧ ઓગસ્ટ કરવામાં આવી હતી. પરંતુ, વધેલી મુદતમાં જે વેપારીઓએ ચલણ ભર્યા છે, તેમાં સિસ્ટમ દ્વારા ખાંડનો જથ્થો જનરેટ કરવામાં આવ્યો નથી.

આ ખામીના કારણે રાજ્યની આશરે ૩૫ ટકા જેટલી વ્યાજબી ભાવની દુકાનોમાં સપ્ટેમ્બર-૨૦૨૬ના માસ માટે ખાંડનો જથ્થો પહોંચી શકશે નહીં. પરિણામે, એક જ શહેર કે ગામમાં અમુક દુકાનોમાં ખાંડ મળશે અને અમુકમાં નહીં મળે. આ અસમાનતાના કારણે જરૂરિયાતમંદ ગ્રાહકો દુકાનદારો પર આરોપ લગાવશે અને બંને પક્ષો વચ્ચે ભારે ગજાગ્રહ કે ઘર્ષણ સર્જાય તેવી પૂરી શક્યતા છે.

સરકાર સમક્ષ ત્વરિત ઉકેલની માંગ આગામી દિવસોમાં ગ્રાહકોને પડનારી હાલાકીને રોકવા માટે ઓલ ગુજરાત રેશન એસોસિએશન દ્વારા સરકારને વિનંતી કરવામાં આવી છે કે, જે દુકાનદારોના ચલણમાં ખાંડ જનરેટ થઈ નથી તેમને ફરીથી ખાંડની પરમિટ આપવામાં આવે. જો વહેલી તકે આ ચલણ સુધારીને ખાંડનો જથ્થો ફાળવવામાં આવે, તો રાજ્યના ૧૦૦ ટકા રેશનકાર્ડ ધારકોને એકસમાન રીતે ખાંડનું વિતરણ થઈ શકે અને સંભવિત વિવાદને ટાળી શકાય.

### મારામારીના રોજબરોજ બનતા કિસ્સાઓ

# રાતે દારૂ બાબતે ગાળાગાળી સવારે ધોકાવાળી-૪ને ઇજા



રાજકોટ તા. ૨૯

મારામારીના બનાવો અવાર-નવાર બનતા રહે છે. જેમાં કોઠારીયા વિસ્તારમાં પરપ્રાંતિયો વચ્ચે રાતે દારૂ ક્યાં મળે છે એવુ પુછવા બાબતે બોલાચાલી થઇ હતી અને બાદમાં સવારે ધોકાવાળી થઇ હતી. આ મારામારીમાં ચારને ઇજાઓ થઇ હતી.

કોઠારીયા રોડ શ્રી હરિ સોસાયટીમાં રૂમ રાખીને રહેતાં મુળ મધ્યપ્રદેશના એક યુવાનને રાતે તે ઘર નજીક ફાકી ખાવા ગયો ત્યારે બિહારી શખ્સે દારૂ ક્યાં મળે છે તેમ પુછી ગાળાગાળી કરી મારકુટ કર્યા બાદ સવારે આ બિહારી શખ્સ તથા તેની સાથેની મહિલા, પુરૂષોએ મળી એમપીનો યુવાન જ્યાં કામ કરે છે તે કારખાને જઇ તેને બહાર ખેંચી જઇ ધોકા-પથ્થરથી માર મારતાં તેને બચાવવા વચ્ચે પડેલા ત્રણ મીત્રોને પણ માર મારવામાં આવતાં ચારેયને હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

કોઠારીયા રોડ શ્રી હરિ સોસાયટીમાં રહેતો મુળ એમપીનો અઢાર વર્ષનો યુવાન રોહિત મથુરાભાઇ પ્રસાદ રાતે ઘર નજીક પાન ફાકી ખાવા ગયો ત્યારે બિહારના શખ્સે આવી દારૂ ક્યાં મળે છે તેમ પુછતાં રોહિતે પોતે દારૂ પીતો નથી અને ખબર નથી તેમ કહેતાં આ શખ્સે ગાળો દઇ માથાકુટ કરી હતી. બાદમાં સવારે રોહિત બાલાજી ટ્રાન્સપોર્ટ નામના કારખાનામાં કામે ગયો ત્યારે રાતે માથાકુટ કરનાર બિહારી શખ્સ બીજા શખ્સો, મહિલાઓને લઇને ધસી આવ્યો હતો અને રાતે શું તું હવા કરતો હતો? કહી તેને બહાર ખેંચી ગયા હતાં અને માર મારવાનું ચાલુ કર્યુ હતું.

રોહિતને બચાવવા તેના વતનના અને સાથે કામ કરતાં વીસ વર્ષના ખુશીરામ ગોલીરામ ગૌતમ, છવ્વીસ વર્ષના વીર ગોલીરામ ગૌતમ અને અઢાર વર્ષના લક્ષમણ ગોલીરામ ગૌતમ વચ્ચે પડતાં તેને પણ પથ્થરમારો કરી ઇજા પહોંચાડાઇ હતી. બીજા લોકો ભેગા થઇ જતાં આ બધા ભાગી ગયા હતાં. આ શખ્સો કારખાનામાં ઘુસી રોહિતને બહાર ખેંચી જતાં હોય તેવા સીસીટીવી ફટેજ પણ સામે આવ્યા હતાં. હોસ્પિટલ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને જાણ કરતાં તપાસ હાથ ધરવામાં આવી હતી.

# મહેસૂલી કર્મીનું ૧૦ સપ્ટેમ્બરથી રાજ્યવ્યાપી હડતાળનું એલાન

## માંગણીઓ ન સંતોષાતા વર્ક-ટુ-રૂલ બાદ આંદોલન આક્રમક સોમવારે કાળી પટ્ટી ધારણ કરી કલેક્ટરોને અપાશે આવેદનપત્ર.



રાજકોટ, તા. ૨૯

રાજ્યમાં છેલ્લા કેટલાક સમયથી 'વર્ક ટુ રૂલ' મુજબ કામ કરીને વિરોધ નોંધાવી રહેલા વર્ગ-૩ના મહેસૂલી કર્મચારીઓની માંગણીઓ પ્રત્યે સરકારે કોઈ ધ્યાન ન આપતા હવે કર્મચારી મંડળે આક્રમક નીતિ અપનાવી છે. ગુજરાત રાજ્ય મહેસૂલ કર્મચારી મહામંડળે સરકારને સ્પષ્ટ ચીમકી આપી છે કે જો તેમના સેવા વિષયક પ્રશ્નો ઉકેલવામાં નહીં આવે તો આગામી ૧૦ સપ્ટેમ્બરથી રાજ્યભરના તમામ મહેસૂલી કર્મચારીઓ અચોક્કસ મુદતની હડતાળ પર ઉતરી જશે.

પ્રાપ્ત વિગતો અનુસાર, ક્લાર્ક, તલાટી અને નાયબ મામલતદાર સહિતના વર્ગ-૩ના કર્મચારીઓ આવતા સોમવારે રાજ્યના તમામ જિલ્લા મથકોએ કાળી પટ્ટી ધારણ કરીને ફરજ બજાવશે. આ સાથે જ તેઓ પોતાના જિલ્લા કલેક્ટરોને આવેદનપત્ર પાઠવીને પ્રશ્નોના ઉકેલ માટે ૧૦ દિવસનું અલ્ટીમેટમ આપશે. જો આ સમયગાળામાં યોગ્ય ઉકેલ નહીં આવે તો કર્મચારીઓ 'પેનડાઉન' (કામનો બહિષ્કાર) કરી કામગીરીથી સંપૂર્ણ અળગા રહેશે અને ૧૦ સપ્ટેમ્બરથી સજ્જડ હડતાળ પર જશે.

કર્મચારીઓએ સરકારના 'ફીડબેક સેન્ટર' સામે મોરચો માંડ્યો છે. આ ઉપરાંત, મહેસૂલી તલાટીઓ માટે ફિલ્ડની વાસ્તવિક પરિસ્થિતિને ધ્યાનમાં લીધા વિના જ જે નવો જોબ ચાર્ટ બનાવવામાં આવ્યો છે, તેનો પણ ઉગ્ર વિરોધ થઈ રહ્યો છે. સરકારી સ્તરે સતત અવહેલના થતી હોવાનો આક્ષેપ કરીને આ આંદોલનાત્મક કાર્યક્રમો જાહેર કરાયા છે.

ગુજરાત રાજ્ય મહેસૂલ કર્મચારી મહામંડળના પ્રમુખ જામસંગ પરમારના જણાવ્યા અનુસાર, ૧૨ મે ૨૦૨૬થી ૧૮ ઓગસ્ટ ૨૦૨૬ સુધીમાં મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડો. જયંતિ રવિને ૫ વખત પત્રો લખીને રજૂઆતો કરવામાં આવી છે. એટલું જ નહીં, રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને મહેસૂલ રાજ્ય મંત્રી સંજયસિંહ મહિડા સમક્ષ પણ પ્રશ્નો મૂકવામાં આવ્યા છે. આમ છતાં કોઈ સંતોષકારક ઉકેલ ન આવતા હવે આગામી દિવસોમાં રાજ્યભરની મહેસૂલી કામગીરી સંપૂર્ણપણે ઠપ થઈ જવાની ભીતિ સેવાઈ રહી છે.

## ઓનલાઇન ઓફલાઇન ગઠીયાગીરી વચ્ચે બેંકને પણ લગાવી દેવાયો ચૂનો

# છ જણાએ દોઢ કરોડની લોન મેળવી યુનિટ કર્યા બંધ

### અલગ અલગ રીતે બોગસ દસ્તાવેજો રજૂ કરી લોન લઇ લીધી હતીઃ પછી બેંકને જાણ થઇ કે જેના નામે લોન લેવાઇ એ યુનિટ જ બંધ થઇ ગયા છે!

રાજકોટઃ ઓનલાઇન ઓફલાઇન ઠગાઇના બનાવો રાજ્યભરમાં દરરોજ બને છે. આ વચ્ચે ગઠીયાઓ ઘણીવાર બેંકને પણ લાખો કરોડોમાં નવડાવી નાખતા હોવાનું સામે આવતુ હોય છે. આવા અનેક કિસ્સાઓ વચ્ચે વધુ એક બેંક ફ્રોડનો શિકાર બની હતી. જેમાં બનાવટી દસ્તાવેજોને આધારે દોઢ કરોડની લોન લઇ લીધા બાદ છ જણાએ ધંધાના યુનિટને તાળા મારી દીધા હતાં. આ મામલે પોલીસે તપાસ શરૂ કરી છએય કૌભાંડીઓને ઝડપી લેવા તજવીજ કરી હતી.

વિગતો પર નજર કરીએ તો વડોદરા શહેરમાં યુનિયન બેંક ઓફ ઈન્ડિયાની બાજવા બ્રાન્ચમાંથી ગયા વર્ષ દરમિયાન અલગ-અલગ બિઝનેસ માટે લોન મેળવીને ધંધાના યુનિટ બંધ રાખી સ્ટોક અને મશીનરી સ્થળ પર નહીં રાખવા તેમજ બનાવટી દસ્તાવેજો અને બિલ રજૂ કરી બેંક સાથે છેતરપિંડી આચરી હતી. આ સમગ્ર મામલે ૬ આરોપીઓએ પૂર્વઆયોજિત કાવતરૂ રચી એકબીજાની મદદથી બેંકને કુલ રૂ.૧,૪૫,૧૨,૦૫૬ની લોનની લેણી રકમનું આર્થિક નુકસાન પહોંચાડ્યું હોવાની ફરિયાદ નોંધાતા તપાસ શરૂ થઇ હતી.

વધુ માહિતી અનુસાર જવાહરનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદ મુજબ પ્રીતી ટ્રેડર્સના પ્રોપરાઈટર પ્રીતી સમીર ખત્રીએ ધંધા માટે ૯.૮૦ લાખ રૂપિયાની કેશ ક્રેડિટ લોન મેળવી હતી. જોકે ધંધાનું યુનિટ બંધ રાખી સ્ટોકના સ્ટેટમેન્ટ, ફેબ્રિકેશન સહિતના બનાવટી દસ્તાવેજો રજૂ કરી બેંક સાથેના હાઈપોથીકેશન એગ્રીમેન્ટનો ભંગ કર્યો હતો. લોન માટે દર્શાવવામાં આવેલી વસ્તુઓ સ્થળ પર નહીં રાખી બનાવટી બિલો રજૂ કર્યા હોવાનો પણ ફરિયાદમાં આક્ષેપ કરવામાં આવ્યો છે. જેના પગલે બેંકની ૧૧,૭૯,૦૯૭ રૂપિયાની રકમ વ્યાજ સાથે બાકી છે.

આ ઉપરાંત ગુરુકૃપા ટ્રેડર્સના પ્રોપરાઈટર પીનાકીન શાંતીલાલ પટેલે ૨૪.૭૦ લાખ રૂપિયાની કેશ ક્રેડિટ લોન મેળવી હતી. ધંધાનું યુનિટ બંધ રાખી સ્થળ પર સ્ટોક નહીં રાખવા તેમજ હાઈપોથીકેશન એગ્રીમેન્ટનો ભંગ કરી લોન માટે દર્શાવેલી વસ્તુઓ સ્થળ પર નહીં રાખી બનાવટી બિલો રજૂ કર્યા હતા. આ કેસમાં બેંકની ૨૯,૩૦,૮૧૦ રૂપિયાની રકમ વ્યાજ સાથે બાકી છે. પટેલ એન્ડ કંપનીના પ્રોપરાઈટર ભારતી શાંતીલાલ પટેલે ૪૨.૩૦ લાખ રૂપિયાની ટર્મ લોન મેળવી હતી. તેમાંથી રૂ.૭,૩૧,૫૬૯ બેંકમાં ભર્યા બાદ રૂ.૩૪,૯૮,૪૩૧ની રકમ બાકી રહી હતી.

તેમજ ધંધાનું યુનિટ બંધ રાખી સ્થળ પર કોઈ મશીનરી નહીં રાખી અને હાઈપોથીકેશન એગ્રીમેન્ટનો ભંગ કર્યો અને લોન માટે દર્શાવેલી વસ્તુઓના બનાવટી બિલો રજૂ કરી બેંકને નુકસાન પહોંચાડ્યું હતું. મારૂતી ટ્રેડર્સના પ્રોપરાઈટર નીકીતા પીનાકીન પટેલે કેશ ક્રેડિટ લોન ૧૦ લાખ રૂપિયા તથા ટર્મ લોન ૧૩.૭૫ લાખ રૂપિયા મળી કુલ ૨૩.૭૫ લાખ રૂપિયાની લોન મેળવી હતી. ધંધાનું યુનિટ બંધ રાખી સ્ટોક કે મશીનરી સ્થળ પર નહીં રાખી હાઈપોથીકેશન એગ્રીમેન્ટનો ભંગ કર્યો હતો. લોન માટે દર્શાવેલી વસ્તુઓ સ્થળ પર નહીં રાખી બનાવટી બિલો રજૂ કરી લોનની રકમમાંથી અંગત ઉપયોગ કર્યો હતો.

બંને લોન મળીને વ્યાજ સહિત કુલ ૨૪,૦૨,૪૩૭ રૂપિયાનું નુકસાન પહોંચાડ્યું હતું. સીયારામ ટ્રેડર્સના પ્રોપરાઈટર નેહા મિત ગજ્જરે ૧૨.૩૦ લાખ રૂપિયાની ટર્મ લોન મેળવી હતી. તેમાંથી ૭,૨૪,૨૪૧ રૂપિયા બેંકમાં ભર્યા બાદ ધંધાનું યુનિટ બંધ રાખી સ્થળ




પર કોઈ મશીનરી કે સાધનો રાખ્યા નહોતા. હાઈપોથીકેશન એગ્રીમેન્ટનો ભંગ કરી લોન માટે દર્શાવેલી વસ્તુઓ સ્થળ પર નહીં રાખી બનાવટી બિલો રજૂ કર્યા હતા. જેના કારણે બેંકની ૫,૦૫,૭૫૯ રૂપિયાની રકમનું નુકસાન પહોંચાડ્યું હતું. તેમજ ધ અમી વીડિયોના પ્રોપરાઈટર મીનાબેન રજનીકાંત ખત્રીએ ૪૨.૭૫ લાખ રૂપિયાની ટર્મ લોન મેળવી હતી. તેમાંથી ૨,૭૯,૪૭૮ રૂપિયા બેંકમાં ભર્યા બાદ ૩૯,૯૫,૫૨૨ રૂપિયાની રકમ બાકી રહી હતી.

ધંધાનું યુનિટ બંધ રાખી સ્થળ પર મશીનરી નહીં રાખવા ઉપરાંત લોન મેળવતી વખતે કોટક મહિન્દ્રા બેંકનું સ્ટેટમેન્ટ, રઘુનંદન ડિજિટલ એન્ટરપ્રાઇઝનું પ્રોફોર્મા ઇન્વોઇસ તથા અન્ય બનાવટી દસ્તાવેજો રજૂ કર્યા હતા. આ તમામ આરોપીઓએ પોતાના આર્થિક લાભ માટે ભેગા મળી સ્ટોકના સ્ટેટમેન્ટ, ફેબ્રિકેશનના દસ્તાવેજો, બેંક સ્ટેટમેન્ટ, પ્રોફોર્મા ઇન્વોઇસ અને બનાવટી બિલો તૈયાર કરી સાચા દસ્તાવેજો તરીકે બેંકમાં રજૂ કર્યા હતા.

લોનની રકમ મેળવ્યા બાદ વિવિધ બેંક એકાઉન્ટમાં નાણાં ટ્રાન્સફર કરી એકબીજાને મદદગારી કરી હોવાનો પણ આક્ષેપ છે. આ સમગ્ર પ્રકરણમાં આરોપીઓએ પૂર્વઆયોજિત કાવતરું રચી ગુનાહિત વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી યુનિયન બેંક ઓફ ઈન્ડિયા, બાજવા બ્રાન્ચને કુલ રૂ.૧,૪૫,૧૨,૦૫૬ની લોનની લેણી રકમનું આર્થિક નુકસાન પહોંચાડ્યું હોવાની ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છએય આરોપીઓ સામે કાર્યવાહી કરવા તજવીજ શરૂ કરી હતી.

## ધંધા માટે ત્રણ લાખ પાંચ ટકે લઇ નિયમીત વ્યાજ ચુકવ્યુંઃ હાલમાં ન ચુકવી શકતાં વ્યાજખોર છેલ્લી પાટલીએ બેઠોઃ ગોંડલ પોલીસે કરી એફઆઈઆર દાખલ

# વ્યાજ માટે ગાંઠીયાના વેપારીને કચડી મારવાની ધમકી

રાજકોટઃ વ્યાજખોરીના અવાર-નવાર બની રહેલા કિસ્સાઓ વચ્ચે વધુ એક વ્યાજંકવાદની ઘટના સામે આવી હતી. જેમાં એક પ્રૌઢ કે જે ગાંઠીયાના ધંધાર્થી છે તેઓ વ્યાજખોરીમાં ફસાયા હતાં. તેમણે પાંચ ટકા વ્યાજથી નાણા લીધા હતાં. ત્રણ લાખ સામે વ્યાજ ભર્યુ હોવા છતાં વધુ વ્યાજની ઉઘરાણી ચાલુ રખાઇ હતી. આ ધંધાર્થી હાલમાં વ્યાજ ન ચુકવી શકતાં વ્યાજખોરે તેને એક્સીડન્ટ કરી મારી નાંખવાની ધમકી આપી દીધી હતી. આ સમગ્ર ઘટના પોલીસ સુધી પહોંચતા કાર્યવાહી થઇ હતી.

વિગતો જોઇએ તો રાજકોટ જીલ્લાના ગોંડલમાં સાંઢીયા પુલ પાસે વૃંદાવન-૩ માં રહેતા અરવિંદપરી રેવાપરી ગોસ્વામી નામના ઓગણસાંઇઠ વર્ષના વેપારીએ માસીક પાંચ ટકા વ્યાજે લીધેલા ૩ લાખનું વ્યાજ નહી ચુકવી શકતા વ્યાજખોર સુભાષ ગીગાભાઇ ચાવડા (રહે. સિધ્ધાર્થનગર, ગોંડલ) એ એકસીડન્ટ કરાવી મરાવી નાખવાની ધમકી આપી તેના પત્નીના નામે રહેલા મકાનનો દસ્તાવેજ પોતાના નામે કરાવી લીધાની ગોંડલ બી ડીવીઝન પોલીસ મથકમાં ફરીયાદ દાખલ કરવામાં આવી હતી.

વિશેષ માહિતી અનુસાર અરવિંદગીરીએ જામવાડી પાસે ગાઠીયાની રેંકડી ચલાવતા




હતા. ૨૦૨૧ ની શરૂઆતમાં ધંધા માટે પૈસાની જરૂરીયાત ઉભી થતા આરોપી સુભાષ ચાવડા પાસેથી પ્રથમ માસીક પાંચ ટકા લેખે ૧ લાખ વ્યાજે લીધા હતા જેમાંથી સોળ હજાર અગાઉ વ્યાજ પેટે કાપી લીધા હતાં. તે રોજના ૧ હજારના હપ્તો ભરતા હતાં. બાદમાં ફરી જરૂરીયાત ઉભી થતા ફરી એક લાખ મળી કુલ ત્રણ લાખ લીધા હતાં. જેનો રોજના ત્રણ હજારનો હપ્તો તે જમા કરાવતા હતાં. આ રીતે તેઓ નીયમીત સમયસર હપ્તા ભરી રહ્યા હતાં.

જો કે આરોપીએ તેને ડાયરી આપી હોય તેમાં તે રૂપિયા જમા કરાવ્યા અંગે નોંધ કરતો હતો. બાદમાં રોજના ત્રણ હજારના હપ્તામાં પહોંચી નહી શકતા દર મહિને પંદર હજાર લઇ જતો હતો. જેની નોંધ કરતો ન હતા. તે વ્યાજ નહી ભરી શકતા આરોપીએ વૃંદાવન પાર્ક-૩ નું મકાન કે જે તેના પત્નીના નામે હતું તે પોતાના નામે કરી આપવા દબાણ કરતો હતો. ના પાડતા આરોપી એકસીડન્ટ કરાવી પતાવી દેવાની ધમકી આપતો હતો. જેથી આ મામલે તેના પત્નીને વાત કરતા તેણે દસ્તાવેજ કરવા હા પાડી હતી.

ત્યારબાદ આરોપીએ તેના બદલામાં યાર્ડ પાછળ મકાન આપવાનું કરી દસ્તાવેજ પોતાના નામે કરાવી લીધા બાદ યાર્ડ પાછળના બે મકાનો પણ આપ્યા ન હતાં. એટલુ જ નહી મકાન ખાલી કરવા લેન્ડ ગ્રેબીંગની પણ અરજી કરી હતી. તેણે આરોપીને ૧૭ લાખ વ્યાજ પેટે ચુકવ્યા હતા અને બેંકના કોરા ચેક પણ આરોપીએ લીધા હતાં. તેનો ટેમ્પો પણ આરોપીએ તેના સંબંધીના નામે કરાવી લીધો હતો. હેડ કોન્સ્ટેબલ જે. બી. ચૌહાણે આ મામલે ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી હતી. આમ વ્યાજંકવાદની વધુ એક ઘટના સામે આવતાં પોલીસે વ્યાજખોર વિરૂધ્ધ કાર્યવાહી કરી હતી.

અવાર-નવાર લોકો આ રીતે વ્યાજખોરીમાં ફસાઇ જતાં હોય છે. વ્યાજખોરીના દુષણને ડામવા પોલીસ સતત પ્રયાસો કરતી હોય છે. પરંતુ આમ છતાં આ દુષણ નાબુદ થઇ રહ્યું નથી. અમુક બનાવમાં તો લોકો પોલીસ સુધી પણ જતાં હોતા નથી. વ્યાજખોરોની ધાકધમકીને કારણે તેઓ સહન કરતાં હોય છે. આ કિસ્સામાં પણ વેપારી છેલ્લે થાકી હારી જતાં અને તેને વ્યાજ ન ભરે તો અકસ્માત કરી મારી નાખવાની ધમકીઓ અપાતી હોઇ અંતે પોલીસને જાણ કરી હતી.




## ચૌદ વર્ષ પહેલા જ્યાં દિકરાનું મૃત્યુ થયેલુ ત્યાં જ પિતાએ આપઘાત કર્યો

### પ્રૌઢે ટ્રેન હેઠળ પડતું મુકી મોત મેળવ્યું

રાજકોટઃ આપઘાતની એક કરૂણ ઘટના સામે આવી હતી. જેમાં ચોટીલાના થાનગઢમાં ચૌદ વર્ષ પહેલા પોલીસ ગોળીબારમાં જ્યાં દિકરાનું મૃત્યુ થયું હતુ એ જ સ્થળે હવે ચૌદ વર્ષ બાદ આ મૃતકના પિતાએ આપઘાત કરી લેતાં અરેરાટી વ્યાપી ગઇ છે. તેમણે ટ્રેન હેઠળ પડતુ મુકી જીવ આપી દેતાં સમગ્ર પંથક અને સમાજમાં અરેરાટી વ્યાપી ગયો હતી.

વિગતો જોઇએ તો ત્રેપન વર્ષીય અમરશી સુમરાએ થાનગઢ-લાખામાચી વચ્ચે હાપાથી મુંબઈ જતી દુરંતો એક્સપ્રેસ સામે પડતું મૂકી જીવન ટૂંકાવ્યું હોવાની ઘટના બનતાં રેલવે પોલીસ ઘટનાસ્થળે દોડી ગઈ હતી. નોંધનીય છે કે સપ્ટેમ્બર ૨૦૧૨માં સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢમાં તરણેતરના મેળા દરમિયાન દલિતો અને અન્ય સમાજના લોકો વચ્ચે ઘર્ષણ થયા બાદ થયેલા પોલીસ ફાયરિંગમાં મેહુલ રાઠોડ, પંકજ સુમરા અને પ્રકાશ પરમાર નામના ત્રણ દલિત યુવાનોનાં મૃત્યુ નીપજ્યાં હતા. જેમાં અમરશી સુમરાનો ૧૬ વર્ષીય પુત્ર પંકજ સુમરા પણ સામેલ હતો. આ બનાવ સમગ્ર રાજ્યની સાથે દેશભરમાં પણ ચર્ચાનો વિષય બન્યો હતો. દીકરાના મોત બાદ છેલ્લા ૧૪ વર્ષથી ન્યાયની લડત લડતા પિતાએ આખરે એ જ સ્થળ નજીક આપઘાત કરતા અરેરાટી વ્યાપી ગઇ હતી.

# રાખડી બંધાવીને નીકળેલા ભાઇને રસ્તામાં ભેટી ગયો કાળ

### સત્યાવીસ વર્ષના યુવાને રાવકીની ગોળાઇમાં નડ્યો જીવલેણ અકસ્માતઃ બીજા બનાવમાં મનહરપુરમાં બે બહેનના એકના એક અઢાર વર્ષના ભાઇએ લટકીને છોડી દીધી દુનિયા

રાજકોટઃ કાળા માથાના માનવીને કાળનું પરલોકનું તેડુ ક્યારે ક્યાં અને કેવી રીતે આવી જાય તેની ખબર હોતી નથી. બે કરૂણ ઘટના રક્ષાબંધનના દિવસે બની ગઇ હતી. જેમાં રાખડી બંધાવ્યા બાદ એક ભાઇનું વાહન અકસ્માતમાં મોત થયું હતું. બીજા ભાઇએ ગળાફાંસો ખાઇ જીવ આપી દીધો હતો. આ યુવાન બે બહેનનો એકનો એક ભાઇ હતો.

પ્રથમ કરૂણ ઘટના જોઇએ તો રક્ષાબંધનના પર્વની દેશભરમાં હર્ષોઉલ્લાસ સાથે ઉજવણી થઇ હતી. દરેક બહેનોઅને પોતાના ભાઇના હાથે રક્ષા બાંધી તેમના રક્ષણ માટેની પ્રાર્થના કરી આશીર્વાદ આપ્યા હતાં. આ દરમિયાન એક કરૂણ ઘટના બની હતી. જેમાં અમરેલીના બાંટવા દેવળી ગામે રહેતાં યુવાનનું લોધીકાના પાળ ગામ નજીક વાહન અકસ્માતમાં મૃત્યુ થયું હતું.

વધુ માહિતી અનુસાર આ યુવાન રાજકોટ રહેતી બહેનના ઘરે રાખડી બંધાવીને રાતે જમીને ત્યાંથી નીકળ્યો હતો અને રસ્તામાં તેને આ દુર્ઘટના નડી હતી. પોલીસ સુત્રોએ જણાવ્યું હતું કે લોધીકાના પાળથી આગળ રાવકી ગામની ગોળાઇમાં રાતે સાડા નવેક વાગ્યે એક યુવાન અકસ્માતમાં ઇજા થયેલી હાલતમાં મળતાં કોઇએ ૧૦૮ને જાણ કરી હતી. તેના મારફત આ યુવાનને સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

તપાસમાં તેનું નામ મિલનભાઇ જેન્તીભાઇ કોટડીયા -પટેલ હોવાનું ખુલ્યું હતું. સત્યાવીસ વર્ષનો આ યુવાન મુળ બાંટવા દેવળી જી. અમરેલીનો વતની હતો. જો કે સારવાર દરમિયાન આ યુવાને દમ તોડી દીધો હતો. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે કરતાં લોધીકા પોલીસે જરૂરી કાર્યવાહી કરી હતી. લોધીકા પોલીસની વિશેષ તપાસમાં ખુલ્યા મુજબ મિલનભાઇ એક બહેનથી મોટો અને અપરિણીત હતો. તેના પિતા ખેતી કરી ગુજરાન ચલાવે છે. પોતે રાવકી ગામે આવેલી નાગબાઇ કંપનીમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે નોકરી



કરતો હતો.

તેના બહેન તેજલબેન રાજકોટ નવા ૮૦ ફુટ રોડ પર રહેતાં હોઇ ગઇકાલે પોતે બાઇક લઇને બહેનના ઘરે રાખડી બંધાવવા ગયો હતો. સાંજે ત્યાં જમીને પરત નીકળ્યો ત્યારબાદ રાવકીની ગોળાઇમાં તેને અકસ્માત નડ્યો હતો.



જેમાં તેનું મૃત્યુ થયું હતું. કોઇ વાહનની ઠોકરે ચડ્યો કે બાઇક સ્લીપ થઇ રોડ નીચે ઉતરી ગયું? તેની તપાસ પોલીસ હવે પછી કરશે. એકના એક આધારસ્તંભ યુવાન દિકરાના મૃત્યુથી પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો.

બીજી કરૂણ ઘટના જોઇએ તો જામનગર રોડ પર મનહરપુરમાં રહેતાં ૧૮ વર્ષના યુવાને ગળાફાંસો ખાઇ આપઘાત કરી લેતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. જામનગર રોડ માધાપર નજીક આવેલા મનહરપુર-૧ ગામમાં મામા સાહેબના ખીજડાવાળા રોડ પર ઉમીયા ઢાળ નજીક રહેતાં જયેશ રાજુભાઇ ચાવડા નામના અઢાર વર્ષના યુવાને રાતે અગીયારેક વાગ્યે ઘરમાં ગળાફાંસો ખાઇ લીધો હતો. બનાવની જાણ થતાં પરિવારમાં દેકારો મચી ગયો હતો.

કોઇએ જાણ કરતાં ૧૦૮ પહોંચી હતી. જેના તબિબે જયેશને મૃત જાહેર કરતાં પરિવારમાં અરેરાટી વ્યાપી ગઇ હતી. બનાવની જાણ ૧૦૮ના તબિબ દિનેશભાઇ ધાંધલે કરતાં યુનિવર્સિટી પોલીસ મથકના પીએસઆઇ એન. વી. ચાવડા સહિતે ત્યાં પહોંચી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. આપઘાત કરનાર જયેશ બે બહેનનો એકનો એક નાનો ભાઇ હતો. રક્ષાબંધનની રાતે જ તેણે આ પગલુ ભરી લીધુ હતું. જો કે આપઘાતનું કારણ પરિવારજનો જાણતાં ન હોઇ પોલીસે તપાસ યથાવત રાખી હતી. આમ રક્ષાબંધનના દિવસે જ બહેનોએ પોતાના એકલૌતા ભાઇઓને અને પરિવારોએ આધારસ્તંભ દિકરાઓને અલગ અલગ અપમૃત્યુની ઘટનામાં ગુમાવી દીધા હતાં.

### ગામ હોય ત્યાં ગઠીયા હોય જ: વધુ એક પુરાવો આપતી ઘટના આવી સામે

# પંપ મંજુર કરાવી દેવાના નામે ૬૪ લાખનો ચૂનો

### ગઠીયાએ પોતાના ગાંધીનગર સુધી છેડા છે એવા બણગા ફુંકી કટકે કટકે રોકડ પડાવી છેલ્લે ફોન બંધ કરી દીધો અને થઇ ગયો ગાયબ

રાજકોટ: ગઠીયાગીરીની ઘટનાઓ રોજેરોજ બની રહી છે. લોકો એક બીજાને છેતરી લેવામાં હવે જરાય પણ શરમ સંકોચ અનુભવતા નથી. ગમે તેમ કરીને પોતાના ગજવા ભરાઇ જાય તેનુ જ ધ્યાન રાખતા હોય એવા અનેક લેભાગુઓ હોય છે. વધુ એક વખત લાખોની ઠગાઇ થઇ હતી. જેમાં ડીઝલ પંપ મંજુર કરાવી આપવાની લાલચ આપી એક યુવાનને ચોસઠ લાખનો ચૂનો લગાવી દેવાયો હતો. ટુકડે ટુકડે યુવાને આ મસમોટી રકમ ચુકવી દીધી હતી. પરંત છેલ્લે તેને ખબર પડી હતી કે અહિ પંપના નામે તેની સાથે ઠગાઇ થઇ છે.




વિગતો પર નજર કરીએ તો પોરબંદરમાં માછીમારી કરતા જીતેન્દ્ર બરીદૂનને ડીઝલ પંપ પાસ કરાવવા માટે અમદાવાદના નિર્મળ પટેલે ગાંધીનગરમાં ઓળખાણ હોવાનું કહી ૬૪ લાખ રૂપિયા પડાવ્યા હતા. આ શખ્સે બાદમાં ત્રણ વર્ષ દરમિયાન ટુકડે-ટુકડે આ રકમ લીધા બાદ પંપની મંજૂરી ન મળતા અને પૈસા પરત ન મળતા છેતરપિંડીનો અહેસાસ થયો હતો. આથી, પોરબંદર હાર્બર મરીન પોલીસ સ્ટેશનમાં નિર્મળ પટેલ વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરાવાઇ હતી.

પોલીસ સુત્રોએ વધુમાં જણાવ્યા મુજબ પોરબંદરના એક યુવાનને ડીઝલ પંપ પાસ કરાવવા માટે ગાંધીનગરમાં ઓળખાણ હોવાનું જણાવી અમદાવાદના સેટેલાઇટ વિસ્તારમાં રહેતા એક શખ્સે ૬૪ લાખ રૂપિયા પડાવી લીધા બાદ ડીઝલ પંપની મંજૂરી ન અપાવતા અને રૂપિયા પણ પરત નહીં અપાતા છેતરપિંડી અને વિશ્વાસઘાતની પોલીસ ફરિયાદ દાખલ થતાં તપાસ શરૂ કરવામાં આવી છે. પોરબંદરના વાઘેશ્વરી પ્લોટમાં રહેતા અને માછીમારીનો વ્યવસાય કરતા જિતેન્દ્ર માધવજીભાઇ બરીદૂનસાથે ડીઝલ પંપની મંજૂરી આપવાના નામે અમદાવાદના સેટેલાઇટ વિસ્તારમાં રહેતા નિર્મળ જયસુખ પટેલ નામના શખ્સે પોતાની ગાંધીનગર ખાતે ઉચ્ચ ઓળખાણ હોવાનો દાવો કરી લાલચ આપી વિશ્વાસમાં લીધા હતા.

ત્યારબાદ આરોપી નિર્મળે લીઝવાળી જગ્યા અને મંડળના બેંક સ્ટેટમેન્ટ સહિતના ડોક્યુમેન્ટ્સ મંગાવી પ્રોસેસ શરૂ કરવાના બહાને નાણાં મંગાવાનું શરૂ કર્યું હતું. ત્રણ વર્ષ દરમિયાન તેણે કટકે-કટકે કુલ ૬૪ લાખ રૂપિયા પડાવી લીધા હતા. સમય વીતવા છતાં ડીઝલ પંપની મંજૂરી ન મળતાં અને રકમ પણ પરત ન અપાતા જિતેન્દ્રભાઇને પોતાની સાથે છેતરપિંડીનો અહેસાસ થયો હતો. ત્યારબાદ આરોપીએ પોતાનો મોબાઇલ પણ બંધ કરી દીધો હતો.પોરબંદરના યુવાને ગાંધીનગર પોલીસ ભવન ખાતે ડીઆઇજીને રૂબરૂ લેખિત રજૂઆત કરી હતી અને ઉચ્ચકક્ષાએથી આદેશ મળ્યા બાદ પોરબંદરના હાર્બર મરીન પોલીસ મથકમાં અમદાવાદના નિર્મળ પટેલ વિરૂધ્ધ એફઆઇઆર દાખલ કરી તેને શોધી કાઢવા તપાસ શરૂ થઇ હતી.

અવાર-નવાર લેભાગુ ગઠીયાઓ લોકોને અલગ અલગ લાલચ આપી લપેટી લેતાં હોય છે. ક્યાંક ઓનલાઇન રોકાણ પર નફાના નામે તો ક્યાંક નોકરી અપાવવાના નામે તો વળી ક્યાંક સસ્તામાં સોનુ આપવાના નામે ઠગાઇ થતી રહે છે. શેર બજારમાં રોકાણ અને ટાસ્ક પુરા કરવાના નામે ઓનલાઇન ફ્રોડ રોજબરોજ થાય છે. પણ ઘણીવાર ગઠીયા રૂબરૂ આવીને પણ તમને આબાદ છેતરી જવામાં સફળ થાય છે. આ કિસ્સામાં પણ ગઠીયાએ ગાંધીનગરમાં છેડા હોવાના બણગા ફુંકી ડીઝલ પંપ ચાલુ કરાવી દેવાના નામે અડધા કરોડથી વધુ ઉસેડી લીધા હતાં અને પછી ફોન બંધ કરી ગાયબ થઇ ગયો હતો. તે ઝડપાયા બાદ બીજી આવી ઠગાઇઓ પણ ખુલવાની શક્યતા નકારી શકાતી નથી.

### સોશિયલ મિડીયા મારફત શિકાર શોધતા લેભાગુઓ: લાલબત્તી સમાન વધુ એક બનાવ

# સ્નેપચેટથી ફસાવી દૂષ્કર્મ વિડીયો કરી દીધો વાયરલ

### લગ્નનો આગ્રહ કરતાં લેભાગુએ ના પાડી દઇ તેણીના માતા-પિતા, સાસરીયામાં મોકલી દીધો વિડીયો



રાજકોટ: સગીરાઓ યુવતિઓને ફસાવવાની અને દૂષ્કર્મ આચરી લઇ તરછોડી દેવાની કે પછી તેના વિડીયો ફોટા વાયરલ કરવાની ધમકી દઇ બ્લેકમેઇલ કરવાની ઘટનાઓ વારંવાર પોલીસ ચોપડે આવતી હોય છે. વધુ એક આવો કિસ્સો સામે આવ્યો હતો. જેમાં એક સગીરાને હોટેલમાં લઇ જઇ દુષ્કર્મ આચરી તેનો સ્પાઇ વિડીયો બનાવી લીધો હતો. પછી તેના આધારે બ્લેકમેઇલીંગ ચાલુ કરી આ સગીરાની જ્યાં સગાઇ થઇ હતી ત્યાં અને તેણીના માતા પિતાને પણ લેભાગુએ આવો વિડીયો મોકલી દીધો હતો. પોલીસે પોક્સો સહિતનો કલમો હેઠળ ગુનો નોંધી વિકૃત હવસખોરને પકડી લઇ કાયદાનું ભાન કરાવ્યું હતું. આ કિસ્સામાં પણ લેભાગુએ સોશિયલ મિડીયાનો દુરૂપયોગ આ સગીરાને ફસાવવા માટે કર્યો હતો. સ્નેપચેટથી ફ્રેન્ડશીપ કર્યા બાદ તેણે આ હવસખોરીનો ખેલ આદર્યો હતો.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદના દસ્ક્રોઈ તાલુકાના એક ગામમાં રહેતી સોળ વર્ષીય સગીરાને લગ્નની લાલચ આપી યુવક હોટલમાં દુષ્કર્મ આચર્યુ અને સગીરાની જાણ બહાર વીડિયો બનાવી લીધો. આ વીડિયો પીડિતાના માતાપિતા અને સાસરીમાં મોકલતા સમગ્ર મામલો બહાર આવ્યો. ફરિયાદ બાદ પોલીસે આરોપીને દબોચી લીધો. પોલીસ સુત્રો તરફથી મળેલી વિશેષ માહિતી મુજબ દસ્ક્રોઈ તાલુકાના એક ગામમાં સોળવર્ષીય સગીરા તેના પરિવાર સાથે રહે છે લગભગ આઠેક મહિના પહેલા એની માતાના મોબાઇલમાં સ્નેપ ચેટ એપ્લિકેશન મારફતે તેને જયદીપ રબારી નામના ડ્રાઈવિંગ કરનાર યુવક સાથે થઈ હતી. બંને એકબીજા સાથે વાતચીત કરતા હતા.

ત્યારબાદ જ્યારે સ્કૂલની રીસીપ્ટ લેવા માટે ગઈ હતી ત્યારે જયદીપને મળી હતી. નાના ચિલોડા ખાતે આવેલા ધ બિઝનેસ હબ નામના કોમ્પ્લેક્સમાં આવેલી હોટલમાં બંને ગયા હતા જ્યાં જયદીપ એ તેની સાથે લગ્ન કરવાની વાત કરી અને તેઓએ શારીરિક સંબંધ બાંધ્યો હતો. આ પછી ફરીથી એ જ હોટલમાં ગયા હતા જ્યાં સગીરાએ તેની સાથે લગ્ન કરવાની વાત કરી હતી અને બંને વચ્ચે બોલાચાલી થઈ હતી ત્યારે સગીરા નીકળવા જતી હતી તે દરમિયાનમાં જયદીપ એ તેને પકડી અને બળજબરીથી તેની સાથે શારીરિક સંબંધ બાંધ્યો હતો. છેલ્લે સગીરાને પોતે ફસાઇ રહી હોવાનું જણાતાં તેણે લગ્નનો આગ્રહ રાખ્યો હતો.

પરંતુ ત્યારે આ શખ્સે અસલીયત બતાવી દઇ હું તારી સાથે લગ્ન નથી કરવાનો ને જો કોઈને કહીશ તો જાનથી મારી નાખીશ એવી ધમકી આપી જતો રહ્યો હતો. ત્યારબાદ ડરના માર્યા સગીરાએ ઘરમાં કોઈને કહ્યું નહોતું. અઠવાડિયા પહેલા સગીરાનો શારીરિક સંબંધ બાંધતા હોવા અંગેનો વીડીયો તેના માતા-પિતા અને તેણીનું સગપણ જ્યાં નક્કી થયું હતું ત્યાં સાસરીમાં પહોંચ્યો હતો. જેથી સગીરાએ તેની સાથેની આ તમામ હકીકત તેના માતા-પિતાને કહી હતી. જયદીપ રબારી દ્વારા શારીરિક સંબંધનો વીડિયો ક્યારે બનાવવામાં આવ્યો તેની તને ખબર નહોતી. આ મામલે સગીરાના પિતા દ્વારા નરોડા પોલીસ સ્ટેશનમાં જયદીપ વિરુધ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

આ સાથે જ પોલીસે ગુનો નોંધી જયદીપ રબારીની ધરપકડ કરી હતી. આમ સોશિયલ મિડીયાથી ગમે તેની સાથે મિત્રતા કે પ્રેમના પાઠ ભણતાં પહેલા સો વખત વિચાર કરવો ખુબ જ જરૂરી હોવાનું વધુ એક વખત આ ઘટના પરથી સામે આવ્યું હતું. અવાર-નવાર આવા બનાવો સામે આવતા જ રહે છે જેમાં સગીરાઓ યુવતિઓને લેભાગુઓ સોશિયલ મિડીયા મારફત ફસાવી તેની જિંદગી બરબાદ કરી નાંખતા હોય છે. આ કિસ્સામાં પણ સગીરા સાથે આવુ જ થયું હતું. સ્નેપચેટથી ફ્રેન્ડ બનેલા ઢગાએ પછી લગ્નની લાલચ આપી પ્રેમનું નાટક કર્યુ હતું. સગીરાનું સગપણ નક્કી થયુ હતું છતાં તે આ લેભાગુની જાળમાં આવી ગઇ હતી અને બાદમાં તેણીને ભોગવવું પડ્યું હતું.

# NEET (PG)પરીક્ષા અન્વયે પોલીસ કમિશનરનું જાહેરનામું

### આજે રાજકોટના બે કેન્દ્રો પર લેવાશે NEET (PG) પરીક્ષા




રાજકોટ, તા. ૨૯

નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) દ્વારા આગામી તા. ૩૦ ઓગસ્ટ, ૨૦૨૬ ના રોજ આયોજિત National Eligibility Cum Entrance Test (NEET - PG) ૨૦૨૬ ની પરીક્ષા શાંતિપૂર્ણ અને સુવ્યવસ્થિત રીતે સંપન્ન થાય તે હેતુથી રાજકોટ શહેર પોલીસ કમિશનર દ્વારા એક મહત્વનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ પરીક્ષા રાજકોટ શહેરના કુલ બે કેન્દ્રો (શાળા/કોલેજો) ખાતે સવારે ૦૯:૦૦ થી બપોરે ૧૨:૩૦ વાગ્યા સુધી લેવાશે.

પરીક્ષાર્થીઓની શાંતિ માટે કડક સુરક્ષા વ્યવસ્થા કોઈપણ અસામાજિક તત્વો પરીક્ષા દરમિયાન ખલેલ ન પહોંચાડે અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ન થાય તે સુનિશ્ચિત કરવા માટે પરીક્ષા કેન્દ્રોની આસપાસ સુરક્ષા સઘન કરવામાં આવી છે. જાહેરનામા અનુસાર, પરીક્ષાના દિવસે (૩૦/૦૮/૨૦૨૬) સવારે ૦૮:૦૦ થી બપોરે ૧૩:૩૦ વાગ્યા સુધી નીચે મુજબના પ્રતિબંધો લાગુ રહેશેઃ

પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં કોઈપણ અનધિકૃત વ્યક્તિઓ ભેગા થઈ શકશે નહીં કે પ્રવેશ કરી શકશે નહીં. આ ઉપરાંત, આ વિસ્તારમાં વાહન લાવવા કે લઈ જવા પર પણ મનાઈ ફરમાવવામાં આવી છે. પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થઈ શકશે નહીં. કેન્દ્રોની ૧૦૦ મીટરની ત્રિજ્યામાં આવતા તમામ સ્ટેશનર્સ, વેપારીઓ કે શાળાના સંચાલકોએ પોતાના ઝેરોક્ષ મશીનો ફરજિયાતપણે બંધ રાખવા પડશે. પરીક્ષાર્થીઓ પ્રશ્નપત્રને લગતું સાહિત્ય, પુસ્તક, ગાઈડ કે કોઈ પણ ઈલેક્ટ્રોનિક ઉપકરણ (જેવા કે મોબાઈલ ફોન, ટેબ્લેટ, આઈપેડ, સ્માર્ટવોચ, સ્પાય કેમેરા, કેમેરાવાળા ચશ્મા, ઈયરપીસ વિગેરે) પરીક્ષાખંડમાં લઈ જઈ શકશે નહીં. સુપરવાઈઝરોને પણ મોબાઈલ ફોન લઈ જવા પર પ્રતિબંધ છે. પરીક્ષા કેન્દ્ર પર ફરજ બજાવતા તમામ અધિકારીઓ, સંચાલકો, સુપરવાઈઝરો અને વર્ગ-૪ ના કર્મચારીઓએ પોતાનું ઓળખકાર્ડ ફરજિયાત પહેરવાનું રહેશે. પરીક્ષા કેન્દ્રોની ૨૦૦ મીટરની ત્રિજ્યામાં લાઉડ સ્પીકર વગાડી શકાશે નહીં.

પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝાના આદેશ મુજબ, આ જાહેરનામાનો ભંગ કરનાર કોઈપણ ઈસમ સામે ભારતીય ન્યાય સંહિતા (BNS) ૨૦૨૩ ની કલમ ૨૨૩ અને ગુજરાત પોલીસ એક્ટની કલમ ૧૩૫ મુજબ કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે. જોકે, સ્થાનિક સત્તાવાળાઓ પાસેથી મંજૂરી મેળવનાર વ્યક્તિઓ, લગ્નના વરઘોડા, સ્મશાન યાત્રા અને ફરજ પરના પોલીસ કે સુરક્ષા જવાનોને આ હુકમમાંથી મુક્તિ આપવામાં આવી છે.

### એંસી વર્ષના વૃધ્ધ વ્હોટ્સએપ ચેક કરતાં હતાં તેમાં રોકાણનો મેસેજ આવ્યો ને લાલચમાં લપેટાઇ ગયા

# શાલીનીની વાતોમાં ફસાઈને વૃધ્ધે ગૂમાવ્યા ૨૬ લાખ

### શરૂઆતમાં નફાના નેવુ હજાર ઉપાડવા દીધાઃ પછી રોકાણ પર સાડા ત્રણ કરોડનો નફો બતાવતો હતોઃ પણ એકેય રૂપિયો ઉપાડી ન શક્યા

રાજકોટ: રોકાણ પર નફાના નામે ઠગાઇના સતત વધી ગયેલા કિસ્સાઓમાં વધુ એક બનાવ ઉમેરાયો હતો. જેમાં શેર બજારમાં રોકાણ પર નફાની લાલચમાં એક વૃધ્ધે પચ્ચીસ લાખ સત્યાસી હજાર ગુમાવ્યા હતાં. તેમણે કરેલા રોકાણ પર એપમાં સાડા ત્રણ કરોડનો નફો બતાવતો હતો. પરંતુ એક ફદીયુંય તેઓ ઉપાડી શક્યા નહોતાં. અંતે સાયબર ફ્રોડ થયાનો અણસાર આવતાં પોલીસને જાણ કરી હતી. સાયબર ગઠીયાઓએ તેમને વ્હોટ્સએપમાં રોકાણ કરવાની માહિતી સાથેનો મેસેજ મોકલી ફસાવી લીધા હતાં. પહેલા દીપક નામના શખ્સે વાત કરી હતી. બાદમાં શાલીની નામની યુવતિએ વૃધ્ધ સાથે વાતો ચાલુ કરી હતી અને તેણીએ જે વાતો કરી તેમાં આ વૃધ્ધ બરાબરના લપેટાઇ ગયા હતાં અને લાખો રૂપિયાનું રોકાણ કરી દીધુ હતું.

વિગતો પર નજર કરીએ તો અમદાવાદ શહેરના મણિનગર વિસ્તારમાં રહેતા એંસી વર્ષીય વૃદ્ધ વેપારીને શેરબજારમાં રોકાણ પર મોટો નફો અપાવવાની લોભામણી લાલચ આપી સાયબર ગઠિયાઓએ ૨૫.૮૭ લાખ રૂપિયાની જંગી છેતરપિંડી આચરી હોવાનો કિસ્સો -કાશમાં આવ્યો છે. આરોપીઓએ બોગસ પ્લેટફોર્મ પર કરોડો રૂપિયાનો નફો દર્શાવી વૃદ્ધ પાસેથી લાખો રૂપિયા પડાવી લીધા હતા. છેતરાયાનો અહેસાસ થતાં વૃદ્ધે આ મામલે અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચમાં વિધિવત ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.




વધુ માહિતી અનુસાર મણિનગરમાં પત્ની સાથે રહેતા અને સીટીએમ વિસ્તારમાં ખાનગી કંપની ધરાવતા એંસી વર્ષીય વૃદ્ધ મોબાઈલ ચેક કરી રહ્યા હતા ત્યારે એક અજાણ્યા નંબર પરથી શેરબજારમાં રોકાણ કરી મોટો નફો મેળવવાની ઓફર કરતો વોટ્સએપ મેસેજ આવ્યો હતો. આ અંગે પૂછપરછ કરતાં સામેની વ્યક્તિએ પોતાનું નામ દીપક પંડિત અને તે વેલ્થ એલિયન્સ ટીમનો હોદ્દેદાર હોવાની ઓળખ આપી હતી.

ત્યારબાદ વૃદ્ધે રોકાણમાં રસ દાખવતાં દીપકે તેની આસિસ્ટન્ટ શાલિનીનો નંબર આપી આગળની વાતચીત કરવા જણાવ્યું હતું . શાલિની નામની યુવતીએ વૃદ્ધનો સંપર્ક કરી વિવિધ લોભામણી રોકાણ યોજનાઓ સમજાવી હતી. ત્યારબાદ બોગસ એપ્લિકેશન પર રજિસ્ટ્રેશન કરાવી અલગ-અલગ શેરમાં ઇન્વેસ્ટમેન્ટ કરવાના નામે તબક્કાવાર કુલ ૨૬.૭૮ લાખ રૂપિયા જમા કરાવી લીધા હતા. રોકાણ બાદ ગઠિયાઓએ ડેશબોર્ડ પર વૃદ્ધને તેમના રોકાણ સામે ૩.૪૭ કરોડ રૂપિયાનો જંગી નફો થયો હોવાનું દર્શાવ્યું હતું.

રોકાણકારનો સંપૂર્ણ વિશ્વાસ જીતવા માટે શરૂઆતમાં નફામાંથી ૯૦,૦૦૦ રૂપિયા વિડ્રો કરવાની મંજૂરી પણ આપી હતી. વિશ્વાસ બેસી જતાં જ્યારે વૃદ્ધે પોતાના કરોડો રૂપિયાના નફાની બાકી રકમ ઉપાડવાનો -યાસ કર્યો ત્યારે સામે પક્ષેથી કોઈ જવાબ મળ્યો નહોતો અને ઠગોએ પોતાના તમામ મોબાઈલ નંબરો સ્વિચ ઓફ કરી દીધા હતા. પોતાની સાથે ૨૫.૮૭ લાખ રૂપિયાની સાયબર છેતરપિંડી થઈ હોવાનું સ્પષ્ટ થતાં તેમણે અમદાવાદ સાયબર ક્રાઈમ બ્રાન્ચમાં ફરિયાદ નોંધાવી હતી.

આ ઘટના દર્શાવે છે કે અજાણ્યા વોટ્સએપ મેસેજ, ટેલિગ્રામ ગ્રૂપ્સ કે શેરબજારમાં અવાસ્તવિક નફાની લાલચ આપતી સ્કીમોથી સાવધ રહેવું અત્યંત જરૂરી છે. જો કે આ પ્રકારની ઠગાઇઓ વારંવાર થતી રહે છે આમ છતાં લોકો જાગૃત થતાં નથી. મોટે ભાગે આવા કેસમાં વૃધ્ધોને જ શિકાર બનાવાય છે અથવા તો મોટી કંપનીઓના મેનેજર, એમડીને પણ ફસાવાય છે. જેમાં મોટે ભાગે ગઠીયાઓ યુવતિઓનો ઉપયોગ કરતાં હોવાનું અગાઉ પણ સામે આવ્યું હતું.

## દાવો પારદર્શિતાનો, પણ અમલ શંકાના ઘેરામાં

# મનપાની 'સિક્રેટ કોડ' પોલિસી ખરી જનસેવા કે માત્ર કાગળ પરની કવાયત?

### ફૂડ વિભાગ એક્શન મોડમાં : ટેસ્ટિંગ ચાર્જ હવે કોન્ટ્રાક્ટરને બદલે મનપા પોતે જમા લઈ ડીડી મારફતે લેબને ચૂકવશે

રાજકોટ, તા. ૨૯

મહાનગરપાલિકા દ્વારા હાથ ધરાતા વિકાસકામોની ગુણવત્તા જાળવી રાખવા અને ટેસ્ટિંગ પ્રક્રિયામાં થતી ગેરરીતિઓ પર પૂર્ણવિરામ મૂકવા માટે નવી 'ક્વોલિટી કંટ્રોલ પોલિસી' અમલમાં મૂકવામાં આવી છે. અગાઉ સેમ્પલ પર એજન્સીનું નામ હોવાને કારણે અને કોન્ટ્રાક્ટર દ્વારા સીધી જ લેબોરેટરીમાં ટેસ્ટિંગ ફી ભરાતી હોવાથી સેમ્પલિંગમાં ઘાલમેલ થતી હોવાની વ્યાપક ફરિયાદો ઉઠી હતી. આ પરિસ્થિતિને ધ્યાને રાખીને હવે સમગ્ર પ્રક્રિયાને પારદર્શક બનાવવાનો નિર્ણાયક કદમ ઉઠાવવામાં આવ્યો છે. નવી વ્યવસ્થા હેઠળ હવેથી કામના સ્થળેથી રોડ, સિમેન્ટ કે સ્ટીલ સહિતના રો મટિરિયલના સેમ્પલ લેતી વખતે જ તેના પર કોન્ટ્રાક્ટર કે પ્રોજેક્ટના નામની જગ્યાએ ગુપ્ત કોડ લખીને સીલ કરવામાં આવશે. લેબોરેટરીમાં માત્ર આ કોડના આધારે જ ટેસ્ટિંગ થશે, જેથી લેબ કર્મચારીઓને પણ એ સેમ્પલ કયા કોન્ટ્રાક્ટરનું છે તેની જાણ રહેશે નહીં.

અગાઉ કોન્ટ્રાક્ટરો સીધા લેબોરેટરીને ફી ચૂકવતા હોવાથી બંને વચ્ચે સીધો સંપર્ક સધાતો હતો. હવે નવી નીતિ મુજબ ટેસ્ટિંગ ચાર્જની રકમ મહાનગરપાલિકા પોતાના ખાતામાં જમા લેશે અને ત્યારબાદ ડીડી (ડીમાન્ડ ડ્રાફ્ટ) મારફતે લેબોરેટરીને ચુકવણી કરશે. આ ફેરફારથી લેબ અને એજન્સી વચ્ચેનો સીધો સંપર્ક સંપૂર્ણપણે તૂટી જશે. ગુણવત્તા સુધારવા માટે મનપા દ્વારા વિશેષ કંટ્રોલ ટીમોની રચના કરવામાં આવી છે. આ ટીમો કોન્ટ્રાક્ટરને આગોતરી જાણ કર્યા વગર સ્થળ પર પહોંચી અચાનક ચકાસણી કરશે, જેથી ચાલુ કામ દરમિયાન જ લો ગુણવત્તા કે ખામીઓ પકડી શકાય.

#### નામ માત્રની કાર્યવાહી અને વિલંબિત રિપોર્ટ

તહેવારો કે ખાસ ઝુંબેશ દરમિયાન જ ફૂડ વિભાગ હરકતમાં આવે છે અને સેમ્પલ લે છે, પરંતુ તેના રિપોર્ટ આવવામાં મહિનાઓ નીકળી જાય છે. ત્યાં સુધીમાં ભેળસેળયુક્ત ખોરાક બજારમાં વેચાઈ ચૂક્યો હોય છે. રિપોર્ટ નેગેટિવ આવ્યા બાદ પણ સંબંધિત વેપારીઓ સામે કડક દંડાત્મક કાર્યવાહી કરવાને બદલે મામલો રફે-દફે કરી દેવામાં આવતો હોવાના આક્ષેપો થાય છે.

#### સમાન નીતિની જરૂરિયાત

પ્રજાના ટેક્સના પૈસાથી થતા રોડ-રસ્તા કે બિલ્ડિંગની ગુણવત્તા જેટલી જ મહત્વની નાગરિકોની તંદુરસ્તી છે. તેથી, જે રીતે કન્સ્ટ્રક્શન સેમ્પલિંગમાં કડક કાયદા, સીધા નાણાકીય વ્યવહાર પર પ્રતિબંધ અને ગુપ્ત કોડિંગ લાગુ કરાયું છે, તેવી જ કડક અને પારદર્શક કાર્યપદ્ધતિ ફૂડ વિભાગમાં પણ તાત્કાલિક ધોરણે લાગુ કરવામાં આવે તે અત્યંત જરૂરી બન્યું છે.



#### ફૂડ વિભાગની કામગીરી પર ગંભીર સવાલો

એક તરફ બાંધકામ અને વિકાસકામોમાં સિક્રેટ કોડ જેવા કડક નિયમો લાવવામાં આવ્યા છે, ત્યારે બીજી તરફ નાગરિકોના સીધા સ્વાસ્થ્ય સાથે જોડાયેલા ફૂડ વિભાગની કામગીરી પર અસંખ્ય પ્રશ્નાર્થચિહ્નો ઊભા થઈ રહ્યા છે. ફૂડ શાખા દ્વારા લેવામાં આવતા ખાદ્ય પદાર્થોના સેમ્પલિંગમાં પણ ટેસ્ટિંગ પ્રક્રિયા પ્રભાવિત થતી હોવાના આક્ષેપો અવારનવાર થાય છે. મોટા વેપારીઓ અને પ્રભાવશાળી એજન્સીઓના કિસ્સામાં સેમ્પલ બદલાઈ જવા કે રિપોર્ટમાં ઘાલમેલ થવાની શક્યતાઓ નકારી શકાતી નથી. ફૂડ વિભાગમાં પણ બાંધકામ ક્ષેત્રની જેમ સંપૂર્ણ ગુપ્ત કોડિંગ સિસ્ટમ લાગુ કરવાની માંગ ઉઠી રહી છે. જોકે, આ નિર્ણય માત્ર 'નામ માત્રની કામગીરી' બનીને ન રહી જાય તે માટે તંત્ર સામે કેટલાક મોટા પડકારો પણ છે. જો ગુપ્ત કોડનું લીકેજ થાય, મનપાના આંતરિક અધિકારીઓ જ કોન્ટ્રાક્ટરો સાથે હાથ મિલાવી લે, કે પછી ખાદ્ય-ખોરાક (ફૂડ) જેવા પ્રજાના સ્વાસ્થ્ય સાથે સીધા જોડાયેલા વિભાગોમાં આવી પારદર્શક પદ્ધતિઓ લાગુ કરવામાં ન આવે, તો આ સુધારાનો વાસ્તવિક હેતુ માર્યો જશે. આ નિર્ણય ખરા અર્થમાં લોકહિત માટે ત્યારે જ સાબિત થશે જ્યારે નવી પોલિસી હેઠળ લેવાયેલા સેમ્પલ, તેના નિષ્પક્ષ રિપોર્ટ અને દોષિત કોન્ટ્રાક્ટરો સામે કરાયેલી દંડાત્મક કાર્યવાહીની વિગતો જાહેર જનતા સમક્ષ મૂકવામાં આવે. માત્ર નિયમો બદલવાથી નહીં, પરંતુ તેના કડક અમલીકરણથી જ પ્રજાના ટેક્સના પૈસાનો સાચો હિસાબ મળશે.

### કબજેદારો સાવધાન : મહેસુલ વિભાગનો સપાટો!

# રાજકોટ રાજ્યમાં મોખરે: સરકારી અને ગૌચર જમીનો પર દબાણનો અજગરી ભરડો

### ૧૧૮૭ ગૌચર અને ૮૫૫૦ સરકારી જમીનો પર ગેરકાયદે કબ્જો; તંત્ર આકરા પાણીએ




રાજકોટ, તા. ૨૯

સમગ્ર ગુજરાતમાં સરકારી માલિકીની અને પવિત્ર ગૌચરની જમીનો પર ભૂમાફિયાઓ અને અસામાજિક તત્વો દ્વારા કરવામાં આવેલા ગેરકાયદેસર કબ્જાઓ સામે મહેસુલ વિભાગે હવે આરપારની લડાઈનું શંખનાદ કરી દીધું છે. રાજ્યભરમાં જમીન દબાણના કિસ્સાઓમાં રાજકોટ જિલ્લો મોખરે હોવાનું ચંકાવનારું તારણ સામે આવતાં જ સમગ્ર વહીવટી તંત્ર હરકતમાં આવી ગયું છે.

રાજ્ય સરકારના કડક વલણ બાદ મહેસુલ વિભાગે સરકારી સંપત્તિઓને દબાણમુક્ત કરવા માટે નવી અને અત્યંત સખત કાર્યપ્રણાલી જાહેર કરી છે. આ નવી સિસ્ટમ હેઠળ હવે માત્ર કાગળ પર અહેવાલો બનાવીને સંતોષ માનનારા અધિકારીઓની ખેર નથી. તલાટી કમ મંત્રી અને સર્કલ ઓફિસરે ફરજિયાતપણે ગ્રાઉન્ડ ઝીરો એટલે કે સ્થળ પર રૂબરૂ જઈને જમીનની સ્થિતિની આકરી ચકાસણી કરવી પડશે. એટલું જ નહીં, દબાણવાળી જગ્યાના પ્રત્યક્ષ ફોટોગ્રાફ્સ પાડીને સ્થળ સ્થિતિનો પક્કો અને વિગતવાર રિપોર્ટ તૈયાર કરી ઉચ્ચ અધિકારીઓને સોંપવાનો રહેશે.

સ્થળ તપાસના રિપોર્ટના આધારે તાલુકા વિકાસ અધિકારી અને મામલતદારે દબાણકર્તાઓ સામે તાત્કાલિક અને કડક કાનૂની કાર્યવાહી કરવાની રહેશે. તંત્ર દ્વારા પ્રથમ તબક્કે દબાણકર્તાઓને કાયદાકીય નોટિસ પાઠવીને તાકીદ કરવામાં આવશે કે તેઓ નિર્ધારિત સમયમર્યાદામાં પોતાની મેળે ગેરકાયદેસર બાંધકામો હટાવી લે. જો આ નોટિસ મળ્યા પછી પણ દબાણ દૂર કરવામાં નહીં આવે, તો તંત્ર કોઈપણ જાતની છૂટછાટ આપ્યા વગર સીધું ડિમોલિશન હાથ ધરશે અને જેસીબી ફેરવીને સરકારી જમીન મૂળ સ્થિતિમાં પુનઃપ્રાપ્ત કરશે.

રાજકોટ જિલ્લામાં સરકારી અને ગૌચરની જમીન પર હજારોની સંખ્યામાં થયેલા ગેરકાયદેસર કબ્જાના આંકડા સામે આવતા જ મહેસુલ તંત્રના દાવાઓ સામે ગંભીર સવાલો ઊભા થયા છે. તંત્ર હવે સ્થળ તપાસ અને ડિમોલિશનના આદેશો આપીને આકરા પાણીએ થવાનો ડોળ કરી રહ્યું છે, પરંતુ લોકોમાં ચર્ચાતી વિગતો મુજબ આટલા વર્ષોથી આ દબાણો ફૂલ્યા-ફાલ્યા કેમ પામ્યા?હવે જ્યારે મહેસુલ વિભાગે ફોટોગ્રાફ્સ સાથેનો રિપોર્ટ માંગીને કડક વલણ અપનાવ્યું છે, ત્યારે જોવાનું એ રહે છે કે આ ઝુંબેશ માત્ર નોટિસ આપવા પૂરતી સીમિત રહેશે કે ખરેખર ભૂમાફિયાઓ પર બુલડોઝર ફરશે!

#### રાજકોટમાં સરકારી જમીનો પર સૌથી વધુ દબાણ તંત્ર હરકતમાં

રાજકોટ જિલ્લામાં સરકારી અને ગૌચરની જમીન પર કબ્જો જમાવી બેઠેલા દબાણકર્તાઓ સામે મહેસુલ વિભાગે લાલ આંખ કરી છે. સમગ્ર રાજ્યમાં સૌથી વધુ દબાણ રાજકોટની સરકારી જમીનો પર હોવાનું સામે આવતા જ મહેસુલ તંત્ર આકરા પાણીએ થયું છે. ૧૧૮૭ ગૌચરની જમીન પર દબાણો થયેલા છે જ્યારે ૮૫૫૦ સરકારી જગ્યાઓ પર ગેરકાયદે કબજો પણ જોવા મળ્યો છે.

#### નોટિસ છતાં કબ્જો નહીં હટે તો બુલડોઝર ફરશે સીધું ડિમોલિશન!

સરકારી અને ગૌચરની એક-એક ઇંચ જમીન ખાલી કરાવવા માટે તંત્ર સંપૂર્ણ મૂડમાં છે. નોટિસ પાઠવ્યા બાદ પણ જો દબાણકર્તાઓ દ્વારા ગેરકાયદેસર કબ્જો ખાલી કરવામાં નહીં આવે, તો તંત્ર દ્વારા કડક હાથે ડિમોલિશન (પાડતોડ) ની કાર્યવાહી કરવામાં આવશે. ગૌચર અને સરકારી જમીનો મુક્ત કરાવવા માટે આગામી દિવસોમાં મોટા પાયે બુલડોઝર ફરે તેવી પૂરેપૂરી શક્યતાઓ છે.

# રા.લો સંઘની ચૂંટણીનો જંગ જામ્યો

### ૫ બેઠકો માટે ૧૦ ઉમેદવારો મેદાને : ૮મી સપ્ટેમ્બરે મતદાન અને ૯મીએ મતગણતરી

રાજકોટ, તા. ૨૯

સહકારી ક્ષેત્રમાં ગરમાવો લાવનાર રાજકોટ લોધીકા સહકારી ખરીદ વેચાણ સંઘની આગામી ચૂંટણી માટે તંત્ર દ્વારા તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. ચૂંટણી અધિકારી દ્વારા બિનહરીફ થયેલી બેઠકો બાદ હવે જે બેઠકો પર ચૂંટણી યોજવાની છે તેના ૫ જૂથ (ગ્રુપ) અને તેમની સામે મેદાને ઉતરેલા ૧૦ હરીફ ઉમેદવારોની સત્તાવાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે. ચૂંટણીમાં કુલ ૫ જૂથો (બેઠકો) પર જંગ ખેલાશે, જેમાં દરેક જૂથમાંથી ૨-૨ ઉમેદવારો ચૂંટણી મેદાને છે. આ ૫ બેઠકો પર આગામી ૮ સપ્ટેમ્બરે મતદાન યોજાશે અને ૯મી સપ્ટેમ્બરે મતગણતરી હાથ ધરવામાં આવશે. આ પરિણામોને લઈને રાજકોટ અને લોધીકા તાલુકાના સહકારી વર્તુળોમાં ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે.

બિનહરીફ જાહેર થયેલા ઉમેદવારોમાં નીચે મુજબના અગ્રણીઓનો સમાવેશ થાય છે જેમાં નરેન્દ્રસિંહ અજીતસિંહ જાડેજા, અશ્વિનભાઈ રામજીભાઈ લીંબાસીયા, લખમણભાઈ બચુભાઈ પરસાણા, પરસોત્તમભાઈ સીદાભાઈ પડાયા, કરશનભાઈ રાવતભાઈ ડાંગર, નિતિનભાઈ પાંચાભાઈ ઠાંકેચા, સંજયભાઈ વલ્લભભાઈ અમરેલીયા, મનસુખભાઈ રણછોડભાઈ સરધારા, છગનભાઈ વેલાભાઈ પટોરીયા અને રઘુવીરસિંહ બનેસિંહ જાડેજા.



#### જૂથવાર ચૂંટણી લડતા ઉમેદવારોની યાદી

| | |
|---|---|
| જૂથ ૧ | નિલેશભાઈ ભીખાભાઈ ગોડલીયા વિરુદ્ધ અરવિંદભાઈ ગોરધનભાઈ રૈયાણી |
| જૂથ ૩ | વિજયભાઈ ચનાભાઈ સભાયા વિરુદ્ધ પૃથ્વીસિંહ હંમતસિંહ જાડેજા |
| જૂથ ૫ | હરેશભાઈ રામજીભાઈ પીપળીયા વિરુદ્ધ બાબુભાઈ ભવનજીભાઈ નસીત |
| જૂથ ૬ | અનિરૂદ્ધસિંહ બહાદુરસિંહ જાડેજા વિરુદ્ધ નિતિનભાઈ રણછોડભાઈ રેવાણી |
| જૂથ ૧૦ | મહેશભાઈ પ્રાગજીભાઈ આસોદરીયા વિરુદ્ધ પિન્ટુભાઈ રઘુભાઈ રોકડ |

# શિક્ષણ સમિતિમાં નવા ચહેરાઓને તક

### ૬૨ વર્ષની વયમર્યાદા અને સ્નાતક હોવું ફરજિયાત : તહેવારો બાદ બહાર પડાશે જાહેરનામું




રાજકોટ, તા.૨૯

મનપાની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન અને સભ્યોની નિમણૂક માટે પાર્ટીએ કવાયત હાથ ધરી છે. આ વખતે પ્રથમ વખત સભ્યો માટે વયમર્યાદા અને શૈક્ષણિક લાયકાતના કડક માપદંડ નક્કી કરવામાં આવ્યા છે. વરિષ્ઠ અને અનુભવી કાર્યકરોને તક મળી શકે તે માટે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની ૬૦ વર્ષની સરખામણીએ શિક્ષણ સમિતિમાં મહત્તમ વયમર્યાદા ૬૨ વર્ષ રાખવામાં આવી છે. શિક્ષણ સમિતિના સભ્ય બનવા માટે ભાજપ સમક્ષ ૩૦૦થી વધુ કાર્યકરોએ દાવેદારી નોંધાવી છે. તહેવારો પૂરા થતાં જ મેયર ડો. નેહલ શુક્લ દ્વારા ચૂંટણીનું જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવશે અને આગામી જનરલ બોર્ડ પહેલા આ નિમણૂકો પૂર્ણ કરી દેવાય તેવી પૂરી શક્યતા છે.

મનપાની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન અને સભ્યોની નિમણૂક માટેની પ્રક્રિયા ઝડપી બનાવવામાં આવી છે, જેમાં પાર્ટી દ્વારા પ્રથમ વખત સ્પષ્ટ માપદંડો જાહેર કરીને સંગઠનમાં નવા સમીકરણો રચવાનો પ્રયાસ કરાયો છે. આ વખતે સમિતિમાં સ્થાન મેળવવા માટે ઉમેદવારનું ઓછામાં ઓછું સ્નાતક (ગ્રેજ્યુએટ) હોવું ફરજિયાત બનાવવામાં આવ્યું છે, જેથી શિક્ષણ ક્ષેત્રે યોગ્ય નિર્ણય લઈ શકે તેવા સભ્યો આવી શકે. આ ઉપરાંત, વયમર્યાદાના નિયમમાં પણ ખાસ સુધારો કરાયો છે; સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ૬૦ વર્ષની મર્યાદા હતી, પરંતુ શિક્ષણ સમિતિમાં અનુભવી અને વરિષ્ઠ કાર્યકરોનો લાભ મળી રહે તે હેતુથી મહત્તમ વયમર્યાદા ૨ વર્ષ વધારીને ૬૨ વર્ષ નક્કી કરવામાં આવી છે.

બીજી તરફ, પક્ષે નીતિવિષયક કડક વલણ અપનાવતા સ્પષ્ટ કર્યું છે કે મહાનગરપાલિકાની ગત ચૂંટણી લડેલા અને હારી ચૂકેલા ઉમેદવારોને શિક્ષણ સમિતિમાં સભ્યપદ આપવામાં આવશે નહીં, જેથી ચૂંટણી લડી ન શક્યા હોય તેવા નિષ્ઠાવાન કાર્યકરોને તક આપી શકાય. આ સાથે જ 'નો-રિપીટ' ફોર્મ્યુલાનો અમલ કરીને ઓછામાં ઓછી ૪ મહિલા સભ્યોની પસંદગી કરવાનો નિર્ણય લેવાયો છે. મહાનગરપાલિકામાં હાલના કોર્પોરેટરોના સંખ્યાબળને આધારે શિક્ષણ સમિતિમાં ભાજપના ૧૧ અને કોંગ્રેસના ૧ સભ્યની નિમણૂક થાય તેવું ગણિત સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.